
# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ * અંક-૩ * નવેમ્બર, ૨૦૧૩



પ્રકૃતિ સાત મહાવીર પ્રભુ, જિન પ્રથમ વિદારી,
તીન આઠ જે ભાનિકે, નવ છત્તીસ સિધારી.
દસમેં લોભ દ્વાદસે સોલહ તહાં જુ ટારી,
ત્રેસઠ પ્રકૃતિ ખિપાઈયો તિન જિન બલિહારી.
સૈંતાલીસ પ્રકૃતિ હની, કર્મ ઘાતિયા કીર,
નામ તીનદસ આયુ ત્રય, નાશિ ભયે મહાવીર.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જે પુરુષ સ્વતંત્રતાથી વર્તનારા એક માત્ર પોતાના ચિત્તને જીતવા સમર્થ નથી તે મૂર્ખને ધ્યાનની ચર્ચા કરતાં શું લોકમાં લજ્જા પણ આવતી નથી? પોતાના ચિત્તને તો જીતી શકતો નથી અને લોકમાં ધ્યાનની ચર્ચા વાર્તા કરે કે હું ધ્યાન કરું છું તે મોટો નિર્લજ્જ છે. ૧૩૮૩. *(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ—૨૨, શ્લોક—૨૪)*

* શરીરરૂપી કાંચળીથી જેનું જ્ઞાનરૂપી શરીર ઢંકાયેલું છે તે બહિરાત્મા આત્માના યથાર્થ સ્વરૂપને જાણતો નથી; તેથી બહુ લાંબા કાળ સુધી સંસારમાં તે ભમે છે. ૧૩૮૪. *(શ્રી પૂજ્યપાદ સ્વામી, સમાધિતંત્ર, ગાથા—૬૮)*

* આશારૂપ ખાણ નિધિઓથી પણ અતિશય અગાધ છે. વળી એ એટલી બધી ગહન અને વિશાળ છે કે જે ત્રૈલોકની સમસ્ત વિભૂતિથી પણ ભરાવી અસંભવ છે. માત્ર એક આત્મગૌરવ આત્મમહત્તારૂપ ધન વડે સહજમાં તે ભરાય છે કે જે હજારો પ્રકારની તૃષ્ણારૂપ દુઃખદ વ્યાકુળતાને શમાવવામાં એક અદ્વિતીય અમોઘ ઔષધ છે. ૧૩૮૫. *(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક—૧૫૬)*

* જૈસે અનંત આકાશમેં એક નક્ષત્ર ઉસી તરહ તીન લોક જિસકે કેવલજ્ઞાનમેં પ્રતિબિંબિત હુએ દર્પણમેં મુખકી તરહ ભાસતા હૈ, વહ પરમાત્મા અનાદિ હૈં. ૧૩૮૬.

*(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૧, ગાથા—૩૮)*

* પરમ શુદ્ધ જિસકા સ્વરૂપ હૈ ઐસા આત્મા સો હી પરમ આત્માકા અપના શુદ્ધ સ્વરૂપ હૈ ઐસા સમજકર ધર્મધ્યાનકા ઉદ્યોગ જહાં કિયા જાતા હૈ ઉસે આરંભત્યાગપ્રતિમા જાનના ચાહિયે. ૧૩૮૭.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક—૩૨૯)*

* વિવેકી પુરુષ પોતાની બુદ્ધિ અનુસાર જેમાં પોતાનું હિત સમજે તે થોડો વા ઘણો ઉપદેશ ગ્રહણ કરે પરંતુ 'મને આ કાર્યકારી છે, આ કાર્યકારી નથી' એટલું જ્ઞાન તો અવશ્ય જોઈએ. હવે કાર્ય તો એટલું છે કે યથાર્થ શ્રદ્ધાન—જ્ઞાન વડે રાગાદિક ઘટાડવા, એ કાર્ય પોતાને જેમ સધાય તે જ ઉપદેશનું પ્રયોજન ગ્રહણ કરે. વિશેષ જ્ઞાન ન હોય તોપણ પ્રયોજનને તો ભૂલે નહિ, એ સાવધાનતા તો અવશ્ય જોઈએ. જેમાં પોતાના હિતની હાનિ થાય તેમ ઉપદેશનો અર્થ સમજવો યોગ્ય નથી. એ પ્રમાણે સ્યાદ્વાદદ્રષ્ટિ સહિત જૈનશાસ્ત્રનો અભ્યાસ કરતાં પોતાનું કલ્યાણ થાય છે. ૧૩૮૮.

*(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ—૮, પાનું—૩૦૩)*


વર્ષ–૮
અંક–૩




સંવત
૨૦૬૯
November
A.D. 2013



# પંચમગતિ અને પંચમજ્ઞાન-પ્રાપ્તિનો મંગલ ઉત્સવ : દિવાળી



અહો! આજે દિવાળીનો દિવસ! આસો વદ અમાસ....જ્યારે પાવાપુરીમાં વીરપ્રભુ મોક્ષપદ પામ્યા ને એ નિર્વાણ પ્રસંગે પોતાની ઉત્કૃષ્ટ આરાધનામાં જોડાઈને ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા! એક પ્રભુ પંચમગતિ પામ્યા તો બીજા પ્રભુ પંચમજ્ઞાન પામ્યા! બન્નેનો મહાન ઉત્સવ થયો....એ હતો આજનો દિન! અહો! જ્યાં મોક્ષના ને કેવળજ્ઞાનના ઉત્સવ એક સાથે ઉજવાયાં હશે એ પ્રસંગ કેવો આનંદકારી હશે? ને એ જોનાર-ઉજવનાર સૌ જીવોને કેવા મજાના શુદ્ધભાવો ઊછળતા હશે!

વીરપ્રભુના મોક્ષગમન ટાણે ગૌતમસ્વામી કાંઈ પ્રભુવિરહનો વિકલ્પ કરવા ન બેઠા પણ જ્ઞાયકની અનુભૂતિમાં વધુ ઊંડા ઊતરીને આત્મસાધનામાં—મોક્ષસાધનામાં મગ્ન બન્યા ને કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ પરમાત્મા થયા ને તેમના શિષ્ય સુધર્માસ્વામી તે જ દિવસે શ્રુતકેવળી બન્યા.

ત્યાર પછી તીર્થંકરપ્રભુની એ કુળપરંપરા ચાલતી ચાલતી શ્રીગુરુઓ દ્વારા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બેનશ્રી સુધી પહોંચી અને આપણે સૌ એ કુળપરંપરા પામીને કૃતાર્થ બન્યા. કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે પ્રાપ્ત આ તીર્થંકર ભગવંતોના વીતરાગમાર્ગને ઉપાસીને આપણે સૌ પણ આપણા તીર્થંકર ભગવંતો અને ભાવિ ભગવંતોના સિદ્ધદેશમાં જઈને સદાકાળ તેમની સાથે રહીએ એવી આજના વીર-નિર્વાણ-કલ્યાણકના—આત્મ-આરાધનાની પ્રેરણાના આ મંગલ-મહોત્સવ પ્રસંગે ભાવના ભાવીએ....

# આજે વીરપ્રભુ સિદ્ધાલયમાં બિરાજી ગયા

(પૂજ્ય બહેનશ્રીના વચનામૃત, બોલ નંબર ૪૩૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

પ્રશ્ન :—આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો.

ઉત્તર :—શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં એને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા. આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકર-ભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા. ઈંદ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણમહોત્સવ ઊજવ્યો. દેવોએ ઊજવેલો તે નિર્વાણ-કલ્યાણકમહોત્સવ કેવો દિવ્ય હશે? તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવીમહોત્સવ ઊજવે છે.

આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા. આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.

અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકરભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી. મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે. આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે. હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે. એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે.

જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે. વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે. શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્‌ભુત રીતે પ્રકાશ્યો છે.

હાલમાં શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે

**પ્રારંભમાં કરીને નમન જિનવરવૃષભ મહાવીરને,**
**સંક્ષેપથી હું યથાક્રમે ભાખીશ દર્શનમાર્ગને. ૧. —શ્રી દર્શનપાહુડ**

સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગ્રત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો. ૪૩૨.

'પ્રશ્ન :—આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો.'

દિવાળી, જેમનું શાસન હાલ પ્રવર્તી રહ્યું છે તે ચોવીસમા મહાવીર ભગવાનના મોક્ષકલ્યાણકનો પાવન દિવસ છે. તે દિવસ કોઈએ પ્રશ્ન પૂછ્યો હશે.

'ઉત્તર :—'આસો વદ ચૌદશની પાછલી રાત્રે આ ભરતક્ષેત્રના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન પાવાપુરીથી સમશ્રેણીએ મોક્ષ પધાર્યા, ને આસો વદ અમાસની વહેલી પ્રભાતે સ્વર્ગલોકમાંથી આવીને ઈંદ્રો અને દેવોએ નિર્વાણકલ્યાણક—મહોત્સવ ઊજવ્યો. તે ઉત્સવના પ્રતીકરૂપે લોકો તે દિવસે 'દીપાવલીપર્વ' ઊજવે છે.

**'શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા.'**

મહાવીરનો જીવ પૂર્વે પુરૂરવા નામનો ભીલ હતો. તે ભવમાંથી તેનો સુધારો થવા માંડ્યો હતો. વચ્ચે બીજા ઘણા ભવ કર્યા હતા, અંતિમ ભવે ભરતક્ષેત્રના મગધદેશની કુંડલપુરીમાં સિદ્ધાર્થરાજાની રાણી ત્રિશલાદેવીની કૂખે ચોવીસમા તીર્થંકરરૂપે અવતાર લીધો હતો. પુરૂરવા ભીલોનો રાજા હતો. વનમાં મુનિ ધ્યાનસ્થ બેઠા હતા. દૂરથી તેમને મૃગ જાણીને પુરૂરવા બાણ છોડવાની તૈયારીમાં હતો ત્યાં તેની પત્નીએ કહ્યું : આ તો મહાન સંત છે, કોઈ મુનિરાજ છે. ભીલે બાણ મૂકી દીધું ને મુનિરાજ પાસે જઈને ભક્તિથી વંદન કર્યું. મુનિરાજનો ઉપદેશ સાંભળીને મદ્ય, માંસ ને મધુનું ત્યાગવ્રત લીધું; તે શુભભાવ હતો, ધર્મ નહોતો. ત્યાંથી તેના સુધારની શરૂઆત થઈ. ત્યાંથી મરીને સ્વર્ગમાં દેવ થાય છે, ત્યાર પછી ક્રમે અનેક ભવ કરીને સિંહનો ભવ કરે છે. આ ભવ 'મહાવીર' થવા પહેલાંનો દસમો ભવ છે. એક વાર તે હરણને ફાડી ખાતો હતો ત્યારે આકાશમાંથી બે ચારણઋદ્ધિધારી મુનિવરો ઊતરે છે અને સિંહને સંબોધન કરે છે : 'હે વનરાજ! તું આ શું કરે છે? અમે તો ભગવાન પાસે સાંભળ્યું છે કે—તું દસમા ભવે મહાવીર તીર્થંકર થવાનો છે. નરકગતિમાં લઈ જનારી આવી ઘોર હિંસા તને શોભે? સચ્ચિદાનંદ પ્રભુ તારો આત્મા અંદર બિરાજે છે તેને, અંતરમાં દૃષ્ટિ કરીને, ગ્રહણ કર! તેની અનુભૂતિ કર! સમ્યક્ત્વ પ્રગટ કરવાનો તારો અવસર આવી ગયો છે.' અહા, જુઓ! અંદર

**રે! ધર્મ દર્શનમૂલ, ઉપદેશ્યો જિનોએ શિષ્યને;**
**તે ધર્મ નિજ કર્ણે સુણી દર્શનરહિત નહિ વંદ્ય છે. ૨. —શ્રી દર્શનપાહુડ**

ઉપાદાન તૈયાર થાય છે ત્યાં કુદરતે નિમિત્તનો યોગ કેવો યોગ થઈ જાય છે! મુનિરાજની ભાષા કેવી હશે? ભાષા ગમે તે જાતની હોય પણ સિંહ ભાવ બરાબર સમજી ગયો. ઉપદેશ સાંભળીને સિંહની આંખોમાંથી આંસુની ધારા વહી જાય છે. અંતર્મુખ દૃષ્ટિ કરીને તે વખતે સિંહ સમ્યગ્દર્શન ને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ પામી જાય છે. અરે! હજી તો પંજા નીચે મારી નાખેલું હરણ પડ્યું છે, પેટમાં પણ માંસ પડ્યું છે—એવી સ્થિતિમાં પણ જીવ, એ બધાંથી પોતાની પરિણતિ પાછી વાળીને, અંતરના પુરુષાર્થ વડે સાધનાનું કામ કેવું સાધી લે છે! અહા! અંતરની પાત્રતા હોય ત્યાં નિમિત્તોનો યોગ સહજ બની જાય છે, નિમિત્તો મેળવવા પડતાં નથી ને નિમિત્તથી  કામ થતું પણ નથી. સિંહની પોતાની ઉપાદાનભૂત તૈયારી થઈ ત્યાં આકાશમાંથી અઘોર જંગલમાં મુનિવરો ઊતર્યા અને કહ્યું કે—હે મૃગરાજ! તું અંદર ભગવાન છો, જિનસ્વરૂપ છો.

ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન;
મતિમદિરાકે પાનસોં, મતવાલા સમુઝૈ ન.
જિન સોહી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિનવચન, તત્ત્વજ્ઞાનીકોં મર્મ.

—પ્રભુ! તું જિન છો ને! વીતરાગમૂર્તિ ભગવાન છો ને!—એટલું સાંભળતાં સિંહ અંદરમાં ઊતરી ગયો અને સમ્યગ્દર્શન પામી ગયો. આંખમાં આંસુની ધારા વહે છે અને અંતરમાં અશુદ્ધતાની ધારા અંશે ચાલી જાય છે—નષ્ટ થાય છે અને સ્વાનુભૂતિયુક્ત શુદ્ધતાની ધારા ચાલુ થાય છે. સાધનાની અતૂટ ધારા રાખીને મહાવીરનો જીવ સિંહપર્યાય છોડી, વચ્ચે દેવ-મનુષ્યના પાંચ ભવ કરીને ધાતકીખંડના પૂર્વ વિદેહક્ષેત્રમાં ચક્રવર્તી થાય છે. ત્યાર પછી પૂર્વ ત્રીજા ભવમાં જંબુદ્વીપમાં નંદ રાજા થાય છે, મુનિપણું લઈ તીર્થંકર નામકર્મ બાંધે છે. ત્યાંથી ૧૬મા સ્વર્ગમાં અચ્યુતેન્દ્રપણે ૨૨ સાગરનું આયુષ્ય પૂર્ણ કરીને જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં મગધદેશની કુંડલપુરીના રાજા સિદ્ધાર્થની ત્રિશલારાણીની કૂખે, અષાઢ સુદ છઠના દિને, આવે છે. ઈંદ્રો અને દેવો ગર્ભકલ્યાણકનો મોટો ઉત્સવ ઊજવે છે. ચૈત્ર સુદ ૧૩ના દિને જન્મ-કલ્યાણક, ત્રીશ વર્ષની ઉંમરે માગશર વદ ૧૦ (ગુજરાતી કારતક વદ ૧૦) ના દિને તપ-કલ્યાણક, સાડા બાર વર્ષની તપસાધના પછી વૈશાખ સુદ ૧૦ના દિને કેવળજ્ઞાનકલ્યાણક અને ત્રીશ વર્ષ સુધી દિવ્યધ્વનિ દ્વારા શાસનપ્રવર્તન પછી ૭૨ વર્ષની ઉંમરે આસો વદ ૧૪ની પાછલી રાત્રે નિર્વાણકલ્યાણક—એ પાંચેય કલ્યાણકો ઈંદ્રો અને દેવોએ સ્વર્ગમાંથી મધ્યલોકમાં આવીને અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યાં હતાં. આસો વદ અમાસના દિને વીરનિર્વાણની જે મોટી

**સમ્યક્ત્વરત્નવિહીન જાણે શાસ્ત્ર બહુવિધને ભલે,**
**પણ શૂન્ય છે આરાધનાથી તેથી ત્યાં ને ત્યાં ભમે. ૪.　　—શ્રી દર્શનપાહુડ**

ઊજવણી થઈ તે દીપાવલીના વાર્ષિક દિવસે કોઈએ બેનને પૂછ્યું છે : આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો. તેના જવાબમાં કહે છે કે—શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં ચોથે ગુણસ્થાને સિદ્ધની જાતિનો અતીન્દ્રિય અલૌકિક આનંદ પ્રગટે છે પણ તે બહુ અલ્પ છે, અને જ્યારે સાચું દિગંબર મુનિપણું પ્રગટે છે ત્યારે, અંતરમાં સ્વરૂપસ્થિરતા ખૂબ વધી ગઈ હોવાથી, તે અલૌકિક આનંદનું પ્રચુર સંવેદન હોય છે; તોપણ હજી આનંદ પૂર્ણ પ્રગટ થયો નથી. પૂર્ણ અલૌકિક આનંદ તો કેવળજ્ઞાનદશા—ચારેય ઘાતિકર્મનો ક્ષય થતાં અનંત ચતુષ્ટયરૂપ અરિહંતદશા—પ્રાપ્ત થાય ત્યારે પ્રગટે છે. ચોથે ગુણસ્થાને અંશે આનંદ, છઠ્ઠે-સાતમે પ્રચુર આનંદ, બારમે વીતરાગ-આનંદ, તેરમે ક્ષાયિક અનંત આનંદ ને સિદ્ધમાં ક્ષાયિક અવ્યાબાધ આનંદ હોય છે.

વીરપ્રભુ પૂર્ણ આનંદ પામ્યા પહેલાં આનંદના પ્રચુર સંવેદનસ્વરૂપ મુનિદશામાં હતા. અહા! મુનિદશા કોને કહીએ! જે અંતર્બાહ્ય નિર્ગ્રંથ સંત પરમશુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત હોય તેમને મુનિ કહીએ. અત્યારે તો દિગંબર સાધુ થઈને એમ કહે છે કે—આ પંચમ કાળમાં શુદ્ધોપયોગ ન હોય, એકલો શુભોપયોગ જ હોય. અરે ભાઈ! સાધુ થઈને આ તું શું કહે છે? અત્યારે પંચમ કાળે જો એકલો શુભોપયોગ જ હોય તો શું ધર્મ નથી? ભગવાન કુંદકુંદાચાર્યદેવે તો 'પંચમ કાળે ધર્મધ્યાનરૂપ શુદ્ધોપયોગ હોય છે' એમ મોક્ષપ્રાભૃતમાં કહ્યું છે—

ભરતે દુષમકાળે ધર્મધ્યાન મુનિને હોય છે;<br>
તે હોય છે આત્મસ્થને; માને ન તે અજ્ઞાની છે.

પ્રવચનસારમાં કહ્યું છે : સાચા ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ—બધા પરમશુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત હોય છે. ભૂમિકાનુસાર વ્રતાદિના વિકલ્પ આવે છે પણ તે હેયપણે વર્તે છે, તેને તેઓ વિશેષ સ્વરૂપસ્થિરતા વડે ઓળંગી જશે.

'આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી.'

વીરપ્રભુ, પ્રચુર આનંદના સંવેદનરૂપ પરમશુદ્ધોપયોગદશાને પ્રાપ્ત કરી, સાડા બાર વર્ષની ઉગ્ર સ્વરૂપસાધના પછી કેવળજ્ઞાન પામ્યા. પૂર્ણ આનંદ ને કેવળજ્ઞાન પરિણતિને પ્રાપ્ત વીરપ્રભુએ, દિવ્યધ્વનિ દ્વારા ત્રીસ વર્ષ સુધી ધર્મપ્રવર્તન થયા પછી, આજે—આસો વદ ચૌદશની પાછલી રાત્રિએ—સિદ્ધદશા પ્રગટ કરી. અરેરે! લોકોએ અત્યારે માર્ગમાં બહુ ગરબડ કરી નાખી છે. ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્માનું દિવ્યધ્વનિમાં કથન છે કે—જ્યાં પરમાત્મદશા પ્રગટે છે ત્યાં

**સમ્યક્ત્વ વિણ જીવો ભલે તપ ઉગ્ર સુષ્ઠુ આચરે,<br>
પણ લક્ષ કોટિ વર્ષમાંયે બોધિલાભ નહીં લહે. ૫. —શ્રી દર્શનપાહુડ**

આત્માના પૂર્ણ અલૌકિક આનંદ ને કેવળજ્ઞાનરૂપ પરિણમન હોય છે. એ કેવળજ્ઞાની પરમાત્માનો દેહદેદાર નગ્નદશારૂપ હોય છે, અરે! જે સાચા ભાવલિંગી સંત છે તેમને પણ વસ્ત્ર ન હોય તો કેવળી પરમાત્માને વસ્ત્ર ક્યાંથી હોય? વીરપ્રભુએ પ્રથમ પ્રચુર સ્વસંવેદનયુક્ત નગ્નદશારૂપ વીતરાગ મુનિપણું અંગીકૃત કર્યું, પછી પૂર્ણ અલૌકિક આત્મિક આનંદયુક્ત કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, અને પછી આજે અશરીરી સિદ્ધદશા પ્રગટ કરી.

'ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે.'

ભગવાન આત્મા તો જ્ઞાનશરીરી છે, આ દશ્યમાન શરીર તો ધાનનું ઢીંગલું, જડ, અચેતન, માટી—ધૂળ છે, અરે! પુણ્યપાપના ભાવો છે તે પણ કાર્મણશરીરનો ફહફહાટ છે, આત્માનું સ્વરૂપ નથી. પૂર્ણાનંદ ને કેવળજ્ઞાનસ્વરૂપ ચૈતન્યશરીરી મહાવીરપ્રભુ આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને—ચૌદમું ગુણસ્થાન—પામ્યા. **अ, इ, उ, ऋ, लृ**—એ પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચાર જેટલા સમય પછી તરત જ ચૈતન્યગોળો દેહથી છૂટો પડીને તે જ સમયે, પાવાપુરીની સમશ્રેણીએ, તેમનો શુદ્ધાત્મા લોકના અગ્ર ભાગમાં સમવસ્થિત થઈ ગયો—પૂર્ણ અશરીરી ચિદ્રૂપ થઈને કેવળ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયો; હવે ત્યાં સદાય—સાદિ-અનંત કાળ—સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. શ્રીમદે 'અપૂર્વ અવસર' માં કહ્યું છે ને!—

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. —અપૂર્વ૦

સિદ્ધભગવાન સાદિ-અનંત કાળ શું કરે છે?—તો કહે છે : ક્ષાયિક અનંત સમાધિ, શાન્તિ, સુખ, જ્ઞાન, દર્શન, વીર્ય આદિ અનંત ગુણોની પરિપૂર્ણ પર્યાયે નિરંતર પરિણમ્યા કરે છે. અહીં સંસારમાં પણ જીવ બીજું શું કરી શકે છે? શું શરીર, વાણી કે સ્ત્રી-પુત્રનું કાંઈ કરી શકે છે? નહિ; માત્ર અસમાધિ, અશાન્તિ ને દુ:ખ ઈત્યાદિરૂપે પરિણમ્યા કરે છે. વીરપ્રભુ હવે સાદિ-અનંત સમાધિસુખાદિ અનંત ગુણોની પૂર્ણ પર્યાયોરૂપે નિરંતર પરિણમ્યા કરશે.

'આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકરભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા.'

**જિનવચનરૂપ દવા વિષયસુખરેચિકા, અમૃતમયી,**
**છે વ્યાધિ-મરણ-જરાદિહરણી, સર્વ દુ:ખવિનાશિની. ૧૭. —શ્રી દર્શનપાહુડ**

ઋષભદેવભગવાન કૈલાસ—અષ્ટાપદ—પર્વત પરથી મોક્ષ પધારે છે ત્યારે 'અરે! ભરતક્ષેત્રમાં સાક્ષાત્ ભગવાનના વિયોગ પડ્યા' એવા વિરહવેદનથી ભરતચક્રવર્તીનાં નેત્રોમાંથી અશ્રુધારા વહી જાય છે. સૌધર્મેન્દ્ર કહે છે : અરે મિત્ર ભરત! આ વિલાપ શાનો! તમે પણ ચરમશરીરી છો, આ જ ભવમાં ભગવાન જેવી જ મુક્તિને પામવાના છો. ભરત ખિન્ન હૃદયે કહે છે : હે ઈન્દ્ર! સાંભળ! અમને અમારી બધી ખબર છે, આ જ ભવમાં અમારો મોક્ષ નિશ્ચિત છે, છતાં પણ, અત્યારે અમારી ભૂમિકા એવી છે જેથી, ભગવાનના વિરહના વેદનરૂપ પ્રશસ્ત રાગ આવી જાય છે. ભગવાન પ્રત્યેનો ભાવ—એ પણ શુભ રાગ છે, ધર્મ નહિ, છતાં જ્યાં સુધી વીતરાગદશા ન થાય ત્યાં સુધી એવો પ્રશસ્ત રાગ સમકિતીને તો શું, મુનિને પણ આવ્યા વગર રહેતો નથી; પણ છે એ બંધનું કારણ; શુભાશુભ રહિત શુદ્ધભાવ તે એક જ મોક્ષનું કારણ છે. અહીં કહે છે : ત્રિલોકીનાથ વીરપ્રભુ ભરતક્ષેત્ર છોડી ચાલ્યા ગયા, તીર્થંકરસૂર્ય અસ્ત થઈ ગયો, સાક્ષાત્ અરિહંત તીર્થંકર પરમાત્માના વિરહ પડ્યા.

'ઈંદ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણમહોત્સવ ઊજવ્યો.'

પહેલા સ્વર્ગનો ઈંદ્ર સૌધર્મેન્દ્ર અને તેની ઈંદ્રાણી શચી—બંને આત્મજ્ઞાની અને એકાવતારી હોય છે. શચીનો જીવ દેવીની પર્યાયમાં ઊપજ્યો ત્યારે મિથ્યાદૃષ્ટિ હતો; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવ સ્ત્રીપર્યાયમાં ઊપજે નહિ એવો આગમોક્ત નિયમ છે. સૌધર્મેન્દ્રને, પોતાના બે સાગરપ્રમાણ આયુષ્ય-કાળમાં, અસંખ્ય તીર્થંકરોનાં પંચકલ્યાણકો ઊજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. બે સાગરમાં પાંચ ભરત ને પાંચ ઐરાવત ક્ષેત્ર વિષે અસંખ્ય તીર્થંકરો થાય નહિ, પણ પાંચ વિદેહમાં, ત્યાં તીર્થંકરોની ઉત્પત્તિનો પ્રવાહ અતૂટ હોવાથી, થાય છે. અહા! ૩૨ લાખ વિમાનની સાહેબીવાળો અને અસંખ્ય દેવોનો લાડીલો પહેલા સ્વર્ગનો સૌધર્મેન્દ્ર અને તેની સાથે બીજાં સ્વર્ગોના ઈન્દ્રો તથા અસંખ્ય દેવો વગેરેએ સ્વર્ગલોકમાંથી ઊતરીને આજે શ્રી મહાવીરપ્રભુનો નિર્વાણમહોત્સવ પાવાપુરીમાં ઊજવ્યો હતો.

'દેવોએ ઊજવેલો તે નિર્વાણકલ્યાણકમહોત્સવ કેવો દિવ્ય હશે!'

અહા! જેની ઊજવણી સ્વર્ગમાંથી આવીને દેવો અને ઈન્દ્રો કરે તે દૈવી મહોત્સવની દિવ્યતાની તો શી વાત!

'તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવીમહોત્સવ ઊજવે છે.'

દેવોએ ઊજવેલ મહાવીર-નિર્વાણમહોત્સવને અનુસરીને હજુ પણ લોકોમાં, દીપમાળા

**પંચાસ્તિકાય, છ દ્રવ્ય ને નવ અર્થ, તત્ત્વો સાત છે,**
**શ્રદ્ધે સ્વરૂપો તેમનાં, જાણો સુદૃષ્ટિ તેહને. ૧૯. —શ્રી દર્શનપાહુડ**

પ્રગટાવીને તથા ફટાકડા ફોડીને, દીપોત્સવીમહોત્સવ ઊજવવાની પ્રથા ચાલુ છે.

**‘આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા.’**

૨૫૦૪ વર્ષ પૂર્વે આસો વદ અમાસની વહેલી પ્રભાતે એટલે કે આસો વદ ચૌદશની પાછલી રાતે આ ભરતક્ષેત્રના ચોવીસમા—ચરમ તીર્થંકર શ્રી મહાવીરભગવાન મગધદેશની પાવાપુરીથી મોક્ષ પધાર્યા.

**‘ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા.’**

ગણધર શ્રી ગૌતમસ્વામી શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત તો હતા જ. ભગવાનનો જ્યાં મોક્ષ થયો ત્યાં તરત જ તે અંતરમાં—સમકિતનું ધ્યેય એવા પૂર્ણાનંદ આદિ સામર્થ્યભરપૂર જ્ઞાયક ધ્રુવ ધામમાં—સ્થિરતાપરિણતિએ ઊંડા ઊતરી ગયા ને તે જ દિવસે પૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન પામ્યા.

**‘આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક, સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.’**

સ્વપરનું યથાતથ પ્રકાશક સ્વાનુભૂતિ સહિત મતિશ્રુતજ્ઞાન તો તેમને પહેલેથી પ્રગટ થયું છે. આ તો પૂર્ણ જ્ઞાનની વાત છે. દ્રવ્ય અને ગુણે તો ભગવાન આત્મા ત્રણે કાળ પરિપૂર્ણ છે, પર્યાયમાં જે અધૂરાશ હતી તે વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં નીકળી ગઈ. આત્માનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે. તેમાં જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણો રહેલા છે. અનંત ગુણોને રહેવા માટે અનંત પ્રદેશ હોવાની જરૂર નથી. આત્માના અસંખ્ય પ્રદેશોમાં એકસાથે રહેલા જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોની પ્રતિસમય થનારી અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી. નીચે સમ્યગ્દર્શન થતાં ‘સર્વગુણાંશ તે સમ્યક્ત્વ’—એ ન્યાયે સમ્યક્ત્વ, જ્ઞાન ને આનંદ આદિ સર્વ ગુણોની પર્યાયો પ્રકાશી નીકળી છે ખરી, પણ અંશે, અને વેદનમાં પણ થોડી; મુનિવરોને પણ પ્રગટી છે ખરી, પણ પ્રમાણમાં વિશેષ, અને વેદનમાં ઘણી પ્રચુર, અને કેવળીને તો અનંત ગુણોની અનંત પર્યાયો પ્રમાણમાં અને વેદનમાં પરિપૂર્ણપણે પ્રકાશી નીકળી છે. ગૌતમસ્વામીને, અંતરમાં ઊંડા ઊતરી જતાં, આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું સ્વપરપ્રકાશક અદ્‌ભુત જ્ઞાન પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો ખીલી નીકળી.

**એ જિનકથિત દર્શનરતનને ભાવથી ધારો તમે,**
**ગુણરત્નત્રયમાં સાર ને જે પ્રથમ શિવસોપાન છે. ૨૧.　　—શ્રી દર્શનપાહુડ**

**'અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકરભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી.'**

ભરતક્ષેત્રમાં અત્યારે પાંચમો આરો વર્તી રહ્યો છે; તીર્થંકર કે સામાન્ય કેવળી થાય એવો આ કાળે યોગ નથી.

**'મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે.'**

વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી વગેરે ૨૦ તીર્થંકરભગવંતો તો સદાય હોય છે. ત્યાં તીર્થંકરો ને કેવળીઓનો કદી વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ પ્રવર્તે છે. કુદરતનો નિયમ છે કે—છ મહિના ને આઠ સમયમાં છસો આઠ જીવ નિયમથી મોક્ષ જાય. ભરતક્ષેત્રમાંથી આ કાળે કોઈ મોક્ષ જતું નથી, તો ક્યાંથી જાય છે? —વિદેહક્ષેત્રમાંથી. ત્યાં સદાય ધર્મકાળ વર્તે છે. આપણા પંડિતજીએ—બહેનશ્રી ચંપાબેનના ભાઈ હિંમતભાઈએ, જે સમવસરણસ્તુતિ બનાવી છે તેમાં, કહ્યું છે ને!—

ધર્મકાળ અહો! વર્તે, ધર્મક્ષેત્ર વિદેહમાં;
વીસ વીસ જહાં ગર્જે, ધોરી ધર્મપ્રવર્તકા.

**'આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે.'**

જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્ધદ્વીપ—એ અઢી દ્વીપ—૪૫ લાખ યોજનપ્રમાણ—મનુષ્યક્ષેત્ર છે. તેમાં કુલ પાંચ વિદેહક્ષેત્ર છે. પાંચ મેરુની પૂર્વ-પશ્ચિમ દિશાએ સ્થિત દરેક વિદેહક્ષેત્રના સોળ-સોળ 'વિજય' (દેશો) છે. એ રીતે વિદેહક્ષેત્રના કુલ ૧૬૦ વિભાગ છે. આજે પણ ત્યાં જુદા જુદા વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીસ તીર્થંકર વિદ્યમાન છે. વિદેહક્ષેત્રમાં ૨૦ તીર્થંકર તો સદાય હોય છે; પણ કોઈ વખતે દરેક વિભાગમાં તીર્થંકર થાય તો એકસાથે કુલ ૧૬૦ તીર્થંકર પણ હોય છે.

**'હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે.'**

જંબુદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરભગવાન હાલમાં બિરાજે છે; પરમૌદારિક શરીર છે, ૫૦૦ ધનુષ (૨૦૦૦ હાથ) ઊંચુ દેહમાન છે, એક કરોડ પૂર્વનું આયુષ્ય

**કલ્યાણશ્રેણી સાથ પામે જીવ સમકિત શુદ્ધને;**
**સુર-અસુર કેરા લોકમાં સમ્યક્ત્વરત્ન પુજાય છે. ૩૩. —શ્રી દર્શનપાહુડ**

છે (૭૦ લાખ ને ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ થાય). કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટના ધારક ભગવાન સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે. ભગવાનની ધર્મદેશના 'ૐ' કાર દિવ્યધ્વનિમય હોય છે, તેમને આપણા જેવી ક્રમે નીકળનારી ભાષા ન હોય, હોઠ બંધ હોય; આખા શરીરમાંથી 'ૐ' ધ્વનિનો મધુરો નાદ ઊઠે, ને તેમનો એવો અતિશય હોય છે જેથી સભાજનો સૌ પોતપોતાની ભાષામાં દેશનાનો ભાવ સમજી જાય.

ૐકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ,
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ.

'એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે.'

અરેરે! માણસને વિશ્વાસ ક્યાં છે? બીજા વિજયમાં પણ હાલ તીર્થંકર છે. શ્રી સીમંધર વગેરે વીસ નામવાળા તીર્થંકરભગવાન વિદેહક્ષેત્રમાં (કાળપ્રવાહમાં નવા નવા થઈને) સદાય હોય છે. જગતને વિષે ત્રણે કાળે ત્રણે લોકને (લોકાલોક સર્વને) જાણનાર સર્વજ્ઞ વીતરાગ અરિહંત પરમાત્માનો કોઈ દી વિરહ હોય નહિ. જગતમાં જો 'જ્ઞેય' સદાય છે તો તેને પૂર્ણપણે જાણનાર અને જાણીને દિવ્યધ્વનિ દ્વારા બતાવનાર સશરીર પરમાત્મા પણ સદા હોય જ, તેનો વિરહ કદી હોઈ શકે નહિ. ભલે ભરતક્ષેત્રમાં હાલ તીર્થંકર નથી, પણ વિદેહક્ષેત્રમાં તો સદા હોય છે; કેમ કે ત્યાં સદા ધર્મકાળ વર્તે છે.

'જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે.'

વીરભગવાન અત્યારે 'ણમો સિદ્ધાણં'—અશરીરી સિદ્ધ પરમાત્માપણે લોકાગ્રે બિરાજે છે, તોપણ આ ભરતક્ષેત્રમાં હાલ તેમનું શાસન પ્રવર્તી રહ્યું છે.

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्॥**

શાસનનાયક વીતરાગ સર્વજ્ઞ શ્રી મહાવીરભગવાનનો ઉપકાર અત્યારે આ ભરત-ક્ષેત્રમાં વર્તી રહ્યો છે.

'વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે.'

મહાવીરભગવાનના શાસનમાં અનેક જ્ઞાન-તપ-ઋદ્ધિધારી સમર્થ દિગંબર સંતો—

**સૂત્રજ્ઞ જીવ કરે વિનષ્ટ ભવો તણા ઉત્પાદને;**
**ખોવાય સોય અસૂત્ર, સોય સસૂત્ર નહિ ખોવાય છે; ૩. —શ્રી સૂત્રપાહુડ**

આચાર્યભગવંતો થયા. બે હજાર વર્ષ પહેલાં સનાતન દિગંબર જૈનના શ્રમણધર્મથી ભ્રષ્ટ થઈને વસ્ત્રપાત્રધારી જે બીજો પંથ નીકળ્યો છે તે ખરેખર વીરપ્રભુનો માર્ગ નથી. સૂત્રપાહુડમાં ભગવત્કુંદકુંદાચાર્યદેવે તેમને ઉન્માર્ગી કહ્યા છે :—

નહિ વસ્ત્રધર સિદ્ધિ લહે, તે હોય તીર્થંકર ભલે;
બસ નગ્ન મુક્તિમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે.

સાચા ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ તો શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત હોય છે. ષટ્ખંડાગમની ધવલા ટીકામાં **'णमो लोए सव्व साहूणं'** માં જે **'लोए'** અને **'सव्व'** શબ્દ છે તે અંતદીપક હોવાથી આગળના ચારેય પદમાં લાગુ પડે છે—એમ કહ્યું છે. અને તેની ટીકા કરતાં કહ્યું છે : લોકને વિષે ત્રિકાળવર્તી સર્વ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને નમસ્કાર હો. શ્રેણિકરાજા ભાવી-તીર્થંકર છે, અત્યારે ૮૪૦૦૦ વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળીને જે જંબુદ્વીપના આ ભરતક્ષેત્રની આવતી ચોવીસીના પહેલા તીર્થંકર થવાના છે. તેમના ભાવી અરિહંતપણાને અત્યારથી નમસ્કાર થઈ શકે છે.

વીરપ્રભુના શાસનમાં શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત અનેક મહાસમર્થ આચાર્યભગવંતો થયા, જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે અનેક શાસ્ત્રોમાં ભરી દીધાં છે.


'શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.'

શ્રી કુંદકુંદની સાથે જે 'આદિ' શબ્દ છે તેમાંથી દિગંબર ભાવલિંગી સંતો લેવા, અન્ય વસ્ત્રપાત્રધારી નહિ. તેમણે તો, ભગવાનનું નામ આપીને, કલ્પિત શાસ્ત્રો રચ્યાં છે : મહાવીરભગવાનને બે બાપ ને બે મા, અર્જુનની પત્ની મહાસતી દ્રૌપદીને પાંચ પતિ વગેરે અનેક કલ્પિત વાતો લખી છે. એ માર્ગભ્રષ્ટ ગુરુઓને અને તે કલ્પિત શાસ્ત્રોને માનવા તે ગૃહીતમિથ્યાત્વ છે. 'આદિ' શબ્દમાં શ્રી ઉમાસ્વામી, કાર્તિકસ્વામી, પૂજ્યપાદસ્વામી, સમન્તભદ્ર, નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તી, અમૃતચંદ્ર, યોગીન્દુદેવ વગેરે દિગંબર આચાર્ય ભગવંતો લેવા. આભના થોભ જેવા એ સમર્થ આચાર્યભગવંતોએ વીરપ્રભુની વાણીના મર્મને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરીને મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવે વિક્રમશકના પ્રારંભમાં (સં. ૪૯માં) પૂર્વવિદેહક્ષેત્રે જઈને ભગવાન

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

**આત્માય તેમ સસૂત્ર નહિ ખોવાય, હો ભવમાં ભલે;**
**અદૃષ્ટ પણ તે સ્વાનુભવપ્રત્યક્ષથી ભવને હણે. ૪. —શ્રી સૂત્રપાહુડ**



# ના ન પાડીશ બાપુ! તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપવા તું પાત્ર જ છો

(શ્રી સમયસારજી ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૫મી વારના પ્રવચનો)

(સળંગ પ્રવચન નં. ૫, પૂર્વાર્ધ)

**ધ્રુવ અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,**
**વંદી કહું શ્રુતકેવળી–કથિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

અમે પર્યાયમાં સિદ્ધને સ્થાપીએ છીએ એવી જેને અંતરમાં લક્ષદશા થઈ તેને અલ્પજ્ઞતા અને રાગનો આદર રહેતો નથી, સ્વભાવનો આદર રહે છે અને શ્રોતાઓને પણ કહે છે કે શ્રોતાઓ! અમારા શ્રોતા આવા હોય છે કે જેની પર્યાય સિદ્ધને પોતાના અંતરમાં સમાવી શકે છે. શ્રોતાનું લક્ષ પણ પૂર્ણશુદ્ધ ઉપર હોય છે, તેને રાગ અને અલ્પજ્ઞતાનો આદર હોતો નથી એવા શ્રોતાને અમે સમયસાર કહીશું. તેનું પાન કરતાં કરતાં તેને એવી એકાગ્રતા થશે કે તેનો મોહ હણાઈ જશે અને પરમાત્મપદને પામશે.

‘પરમાત્મદશા થશે જ’ એવા જીવની અહીં વાત છે. નહિ થાય એ વાત જ નથી..... અહા! સામા જીવની કેવી યોગ્યતા કે તમે તેને અંતરમાં સિદ્ધની સ્થાપના કરાવો છો? હા, અમારા શ્રોતા એવા છે કે જે કહીએ છીએ તે પ્રમાણ કરીને રહેશે. આગળ પાંચમી ગાથામાં આચાર્યદેવ કહેશે કે અમે આ સમયસાર કહીએ છીએ તેને તમે અનુભવથી પ્રમાણ કરજો. આ તો અલૌકિક શાસ્ત્ર છે. તેના લખનાર પણ કેવા? ‘કુંદકુંદાચાર્ય’ કે ભરતક્ષેત્રના જે માનવીએ મહાવિદેહક્ષેત્રની યાત્રા કરી. તે પણ આ દેહસહિત યાત્રા કરી છે. આહારક શરીર ગયું એમ નહિ સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજમાન છે ત્યાં કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા અને આઠ દિવસ ત્યાં રહ્યાં હતા.

અહો! મારા આત્મામાં સિદ્ધપદને સ્થાપું છું એમ કહીને શાસ્ત્રનું મહામંગલિક કર્યું છે. પ્રવચનસારના મંગલિકમાં મોક્ષલક્ષ્મીને ઉપાદેય કરીને અમે સ્વયંવરમંડપ માંડ્યો છે તેમાં હે સિદ્ધો! હે પરમાત્માઓ! તમે પધારજો એમ કહ્યું છે. જેમ લગ્ન કરવા જાય ત્યાં મોટા

**રે! હોય નહિ બાલાગ્રની અણીમાત્ર પરિગ્રહ સાધુને;**
**કરપાત્રમાં પરદત્ત ભોજન એક સ્થાન વિષે કરે. ૧૭. —શ્રી સૂત્રપાહુડ**

માણસોને સાથે લઈ જાય જેથી ખરે ટાણે દીકરીવાળા ફૂટે, પૈસા માંગે એવી કાંઈ ગડબડ થાય તો મોટો માણસ પોતાનો હાર આપીને પણ કન્યાને લઈ આવે. તેથી તો મોટાને સાથે લઈ જવાની પહેલાંની રીત હતી તેમ અહીં આચાર્યદેવ કહે છે કે હે નાથ! અમારા મોક્ષના મંડપમાં અમે આપને સાથે રાખ્યા છે માટે અમારો મોક્ષ ન ફરે.

પણ સિદ્ધ તો ઉપર બિરાજે છે ને!

સિદ્ધ ઉપર બિરાજે છે પણ અમે સિદ્ધને અંતરમાં સ્થાપીને અમે ત્યાં જવાના છીએ. જુઓ તો ખરા આ ધ્વનિ! જંગલમાં બેઠા મુનિરાજને અંતરમાંથી કેવો ધ્વનિ ઊઠ્યો છે! પોન્નુરહીલમાં આ સમયસારની રચના થઈ છે. ત્યાં અત્યારે પણ તાડી ઘણી છે. જોડે (બાજુમાં) ધવલગિરિ પહાડ છે ત્યાં ધવલ, મહાધવલની રચના થઈ છે. નિશ્ચયના ગ્રંથ અને વ્યવહારના ગ્રંથની રચના આજુબાજુના પહાડ ઉપર જ થઈ છે.

वंदित्तु..... અનંત સિદ્ધને અમારા અને તમારા આત્મામાં સ્થાપીને અમે ભાવ-દ્રવ્ય સ્તુતિથી અંતર આનંદના નમસ્કાર દ્વારા અંતર નમીને વાણી અને વિકલ્પપૂર્વક નમસ્કાર કરીએ છીએ અને આ સમય નામના પ્રાભૃતનું ભાવવચન અને દ્રવ્યવચન એટલે ક્ષયોપશમ અને વાણીથી પરિભાષણ શરૂ કરીએ છીએ. યથાસ્થાનમાં જ્યાં જે ભાવ જોઈએ ત્યાં તેને ગોઠવવા તેને પરિભાષાસૂત્ર કહેવાય છે.

આ એક ગાથામાં પાંચ જોડકાં લીધા છે (૧) ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિ (૨) મારા આત્મામાં અને પરના આત્મામાં (૩) ભાવવચન અને દ્રવ્યવચન (૪) ત્રિવર્ગ અને અપવર્ગ (૫) મારા અને તમારા મોહના નાશ માટે હું આ સમયસારની વ્યાખ્યા કરીશ—એમ શ્રી કુંદકુંદઆચાર્ય કહે છે.

એ સિદ્ધભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે. સિદ્ધભગવાન કેવા છે? કે અમને આદર્શ છે. પ્રતિચ્છંદ એટલે પડઘો. મોટા મકાનોમાં 'તું સિદ્ધ' એમ બોલો તો સામો પ્રતિધ્વનિ આવે કે 'તું સિદ્ધ.' હે ભગવાન! તમે પૂર્ણાનંદ છો. તમારામાં જેટલા ગુણો છે તે મારામાં છે અને તમારામાં જે નથી તે મારામાં નથી. માટે સિદ્ધ ભગવાન! તમે અમારા આદર્શ તરીકે છો.

સંસારમાં રહેલાં ભવ્યજીવો આદર્શરૂપ સિદ્ધના સ્વરૂપનું ધ્યાન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, તેમના જેવા થઈ જાય છે. ભવ્યજીવ જ સિદ્ધનું ધ્યાન કરી શકે

**જે જાણતો જીવ-અજીવના સુવિભાગને, સદ્જ્ઞાની તે**
**રાગાદિવિરહિત થાય છે—જિનશાસને શિવમાર્ગ જે. ૩૯. —શ્રી ચારિત્રપાહુડ**

છે, અભવ્યને એવું ધ્યાન ન હોય. 'સિદ્ધ સમાન હું છું' આ તે કઈ દૃષ્ટિનું જોર છે! અહીં તો રાગ છે ને! અલ્પજ્ઞતા છે ને! નહિ....હું એ નહિ. હું તો સિદ્ધ સમાન છું–એમ સાધના કરતાં આચાર્યદેવ શ્રોતાને પણ કહે છે કે તમે આ પ્રમાણે નિર્ણય કરો.

સિદ્ધના જેવા પોતાના સ્વરૂપનું ધ્યાન કરનારા જીવો સિદ્ધ થઈ જાય છે. એવો કોલકરાર છે. સિદ્ધ ન થાય એ વાત અમારા ચોપડામાં નથી. સિદ્ધ ભગવાન કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટયને પ્રાપ્ત છે અને રાગ તથા અલ્પજ્ઞતાથી રહિત છે તેવું જ મારું સ્વરૂપ છે—એમ ધર્માત્મા પોતાના સિદ્ધ સમાન આત્માનું ધ્યાન કરી પોતે પણ સિદ્ધ થઈ જાય છે.

આહાહા!....મંગલિક તે પણ કાંઈ મંગલિક ગાથા છે! સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપનું ધ્યાન કરનારા પોતે સિદ્ધ થઈ જાય છે અને ચારે ગતિથી વિલક્ષણ જે પંચમગતિ-મોક્ષ તેને પામે છે. ચાર ગતિના લક્ષણથી સિદ્ધગતિનું લક્ષણ વિલક્ષણ છે. ચાર ગતિ સાથે તેને ક્યાંય મેળ ખાય તેવું નથી. સર્વાર્થસિદ્ધિની ગતિથી પણ સિદ્ધગતિ વિલક્ષણ છે–જુદી જાતની છે.

આમ તો, સર્વાર્થસિદ્ધિથી સિદ્ધાલય બાર યોજન જ ઉપર છે અને ત્યાંના દેવો તો એકાવતારી અને ચૌદ પૂર્વના જ્ઞાતા છે છતાં ત્યાંથી ચ્યવીને મનુષ્ય થાય ત્યારે તેનો મોક્ષ થાય તેમ છે. સર્વાર્થસિદ્ધિમાંથી સીધા મોક્ષગતિમાં જવાતું નથી. સિદ્ધના પાડોશમાં હોવા છતાં ત્યાંથી સિદ્ધ થઈ શકાતું નથી. આમ તો જ્યાં સિદ્ધ છે ત્યાં નિગોદના જીવ પણ છે કેમ કે નિગોદના જીવ તો આખા લોકમાં રહેલા છે. તેથી સિદ્ધાલયમાં પણ નિગોદના જીવો હોવા છતાં સિદ્ધને તેની સાથે કાંઈ સંબંધ નથી પણ આ સર્વાર્થસિદ્ધિમાં ગયેલાં ચૌદ પૂર્વના જાણનારા મુનિના જીવને પણ સિદ્ધના ક્ષેત્રથી નજીકતા હોવા છતાં ભાવથી દૂરી છે, તે એકાવતારી જીવો કહે છે કે અમે અહીંથી મનુષ્ય થઈ, સિદ્ધ જેવા અમારા સ્વરૂપનું ધ્યાન કરીને અમે સિદ્ધ થઈશું.

આચાર્યદેવ સાધારણ જીવોમાં પહેલે ઘડાકે સિદ્ધની સ્થાપના કરે છે. શ્રોતાને કહે છે કે ના પાડશો નહિ, વિકલ્પ કરશો નહિ અને આમ કેમ? એવો પ્રશ્ન ઉઠાવશો નહિ. આ તો મોટા વીરપણાની સભામાં જવાની વાત છે. નમાલા પામર જીવો ત્યાં વીરની સભામાં ન જઈ શકે. અહીં તો એક જ વાત છે. સિદ્ધને અંતરમાં સ્થાપનારા, પંચમગતિ જે મોક્ષ તેને પામે જ છે. જે સિદ્ધનો આદર કરે છે તે સિદ્ધ જેવા થઈ જાય છે. જેણે वंदित्तु सव्वसिद्धे સિદ્ધોને અંદરમાં સ્થાપ્યા–પર્યાયમાં આદર કર્યા તે પોતે સિદ્ધ જ થઈ જાય છે, થયા વિના રહેતા નથી.

**જે જ્ઞાનજળ પીને લહે સુવિશુદ્ધ નિર્મળ પરિણતિ,**
**શિવધામવાસી સિદ્ધ થાય—ત્રિલોકના ચૂડામણિ. ૪૧. —શ્રી ચારિત્રપાહુડ**

અરે, પણ અમે તો પાંચમા આરાના પ્રાણી છીએ, અમારો મોક્ષ ન થાય એવા પામર જીવની વાત નથી. અહીં ઉપડેલા જીવોની વાત છે. આચાર્યદેવ પાંચમા આરાના પ્રાણીને સંબોધીને તો કહે છે. પણ પહેલી ગાથામાં જ સિદ્ધને અમારામાં સ્થાપો છો પણ પહેલાં અમને પાત્ર તો થવા દ્યો! ત્યારે આચાર્યદેવ કહે છે કે બાપુ! તું પાત્ર જ છો પણ તને પાત્રતાની કિંમત નથી. આત્મા પરમાત્મસ્વરૂપ છે માટે તેની પર્યાયમાં સિદ્ધને સ્થાપવાની પાત્રતા પ્રગટ કરવાને તું લાયક છો, માટે તું ના ન પાડ! આવી મોટી વાત અમને કેમ કરો છો એવો તર્ક ન કર. પામર થઈને સાંભળીશ તો પ્રભુતા કેમ પ્રગટશે!

અહા! સિદ્ધ ભગવાન તો સિદ્ધગતિને પ્રાપ્ત છે જ પણ જેણે સિદ્ધ ભગવાનનું પોતામાં સ્થાપન કરીને વંદન કર્યા એ પણ ચોક્કસ સિદ્ધપણાને પ્રાપ્ત થશે જ. એટલું તો 'વંદિત્તુ'માંથી ખોલ્યું છે. *(ક્રમશઃ)*

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ)

શ્રી સીમંધરસ્વામીનો દિવ્યધ્વનિ સાક્ષાત્ સાંભળ્યો હતો. ત્યાં આઠ દિવસ રહીને કેવળી-શ્રુતકેવળીના સત્સમાગમનો લાભ લીધો હતો. ત્યાંથી આવીને તેમણે આ સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાર્યસંગ્રહ, નિયમસાર, અષ્ટપ્રાભૃત વગેરે શાસ્ત્રો બનાવ્યાં છે. એ રીતે શ્રી કુંદકુંદાદિ સમર્થ દિગંબર સંતોએ વીરમુખોદ્ગત દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મોક્ષનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

છેલ્લા પેરેગ્રાફમાં બહેને પોતાનો (ગુરુદેવ પ્રત્યે) બહુમાનભર્યો વિનય કહ્યો છે. એ સૌએ પોતાની મેળે વાંચી લેવો.

(છેલ્લા પેરેગ્રાફમાં પૂજ્ય બહેનશ્રીએ પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે બહુમાનભર્યો જે અહોભાવ વ્યક્ત કર્યો છે તે આ પ્રમાણે છે : હાલમાં શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગ્રત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો.)

---

**તેની કરો પૂજા, વિનય-વાત્સલ્ય-પ્રણમન તેહને,**
**જેને સુનિશ્ચિત જ્ઞાન, દર્શન, ચેતનાપરિણામ છે. ૧૭.** —શ્રી બોધપાહુડ



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## ૧. અધ્રુવ અનુપ્રેક્ષા

**यत्किंचिदपि उत्पन्नं तस्य विनाशो भवति नियमेन।**
**परिणामस्वरूपेणापि न च किंचिदपि शाश्वतमस्ति ।।४।।**

**અર્થ :—**જે કાંઈ ઉત્પન્ન થયું તેનો નિયમથી નાશ થાય છે અર્થાત્ પરિણામસ્વરૂપથી તો કોઈ પણ (વસ્તુ) શાશ્વત નથી.

પર્યાયનો સ્વભાવ અનિત્ય છે. પર્યાયનું પલટવું તે તો વસ્તુનો ધર્મ છે. પર્યાયનું પલટવું તે કાંઈ વિકારનું કારણ નથી પણ પર્યાયને સ્થિર રાખવાની બુદ્ધિ તે વિકારનું કારણ છે. જો પર્યાયનું પલટવું તે વિકારનું કારણ હોય તો વિકાર કદી ટળી શકે જ નહિ, કેમ કે પર્યાય તો સદાય સિદ્ધને પણ પલટ્યા જ કરે છે. પર્યાય પલટવા છતાં વસ્તુપણે હું ધ્રુવ છું—એમ ધ્રુવસ્વભાવનું જેને ભાન નથી તે પર્યાય પલટતાં ''જાણે હું આખોય પલટી ગયો'' એમ માનીને પર્યાયબુદ્ધિથી હર્ષ-શોક કરે છે, માટે પર્યાયબુદ્ધિ તે જ સંસારનું કારણ છે.

સર્વજ્ઞદેવે વસ્તુનો સ્વભાવ નિત્ય-અનિત્યરૂપ કહ્યો છે; તેમાં અનિત્યતા તે કાંઈ વિકારનું કારણ નથી. જો અનિત્યતા તે વિકારનું કારણ હોય તો મિથ્યાત્વ ટળીને શુદ્ધતા કદી થાય નહિ.

જુઓ! આ ભાવના! ધર્મીને આ ભાવનામાં વીતરાગતા છે, આનંદ છે. આ શાસ્ત્ર બહુ જૂનું છે. અહો! અડોલ દિગમ્બર વૃત્તિના ધારણ કરનારા અને ચિદાનંદ આત્મામાં ડોલતા મુનિવરો! જેઓ છઠ્ઠે- સાતમે ગુણસ્થાને આત્માના અમૃતકુંડમાં ઝૂલે છે—તેમનો અવતાર સફળ છે, તેવા સંતો પણ આ વીતરાગી બાર ભાવનાઓ ભાવે છે.

છેલ્લે ૪૮૭મી ગાથામાં કહે છે કે :—

જિનવચનની ભાવના અર્થે સ્વામીકુમાર અર્થાત્ સ્વામીકાર્તિકેય નામના મુનિએ આ અનુપ્રેક્ષા રચી છે. મુનિવરો પણ આવી વૈરાગ્ય ભાવનાઓ ભાવે છે. વસ્તુસ્વરૂપને લક્ષમાં રાખીને આ બધી ભાવનાઓ છે. વસ્તુસ્વરૂપ સમજીને આ ભાવનાઓ વારંવાર ચિંતવવા જેવી છે. પર્યાયો ક્ષણે-ક્ષણે પલટી જાય છે ને દ્રવ્ય સ્વભાવ કાયમ ટકનારો છે. આમ જાણે તો

**શર-અજ્ઞ વેધ્ય-અજાણ જેમ કરે ન પ્રાપ્ત નિશાનને,**
**અજ્ઞાની તેમ કરે ન લક્ષિત મોક્ષપથના લક્ષ્યને. ૨૧.　　—શ્રી બોધપાહુડ**

પર્યાયો પલટતી હોવા છતાં સ્વભાવ સન્મુખ એકાગ્રતા રહ્યા કરે. પર્યાયમાં ક્ષણિક વિકાર થાય છે ને બીજી ક્ષણે ટળી જાય છે, માટે તે મારો કાયમી સ્વભાવ નથી—આમ જાણે તો અલ્પકાળમાં રાગ-દ્વેષ ટળી ગયા વગર રહે નહિ. પર્યાયને ખરેખર અનિત્ય ક્યારે જાણી કહેવાય? કે પર્યાયનું અવલંબન છોડીને ધ્રુવ એવી વસ્તુનું અવલંબન કરે તો ખરેખર પર્યાયની અનિત્યતાની ભાવના ભાવી કહેવાય. પર્યાયનો સ્વભાવ જ ક્ષણે-ક્ષણે પલટવાનો છે—એમ જેણે પર્યાયની અનિત્યતાને જાણી તેને પર્યાય પલટતાં હર્ષ-શોક થતો નથી. પર્યાય પલટતાં જેને પર્યાયબુદ્ધિથી હર્ષ-શોક થાય છે તેને અનંતાનુબંધી રાગ-દ્વેષ છે. શરીરની નિરોગદશાને કારણે હર્ષ માને ને શરીરમાં રોગ થતાં તેમાં પર્યાયબુદ્ધિથી શોક કરે તે મિથ્યાદૃષ્ટિના હર્ષ-શોક અનંત સંસારનું કારણ છે.

આ(મનુષ્યપર્યાય) શરીર તો જીવ-પુદ્‌ગલના સંયોગરૂપ પર્યાય છે. તે સંયોગ અનિત્ય છે, ક્ષણમાં પલટી જશે. સંયોગ વખતે જ તેને ક્ષણિક જાણે, તેમાં એકત્વબુદ્ધિ રહે નહિ, એને વિયોગમાં પણ એકત્વબુદ્ધિથી શોક ન થાય. વળી ધન, ધાન્ય વગેરે પદાર્થો દેખાય છે તે પણ પુદ્‌ગલની સ્કંધ પર્યાય છે, તેથી તે ક્ષણમાં પલટી જાય છે. મારો આત્મા દ્રવ્યથી નિત્ય છે, તેનો કદી નાશ થતો નથી, તેમ જ મૂળ પુદ્‌ગલ દ્રવ્યનો નાશ થતો નથી, વસ્તુ કાયમ ટકીને પર્યાય પલટે છે. પર્યાય પલટતાં કાંઈ ધ્રુવ વસ્તુનો નાશ થઈ જતો નથી; માટે જેને ધ્રુવ વસ્તુનું ભાન છે તેને પર્યાય પલટતાં પર્યાયબુદ્ધિથી રાગ-દ્વેષ થતાં નથી. પણ ધ્રુવ વસ્તુની ભાવનામાં ક્ષણે-ક્ષણે વીતરાગતા જ વધતી જાય છે. ખરી અનિત્ય ભાવના સમકિતીને જ હોય છે. સર્વજ્ઞને તો રાગ-દ્વેષ થતાં જ નથી. ધર્મી સાધકને રાગ-દ્વેષ થાય છે પણ પર્યાયને દેખીને તે રાગ-દ્વેષ થતાં નથી—દૃષ્ટિમાં દોષ નથી પણ અસ્થિરતાથી રાગ-દ્વેષ થાય, તે ઘણા અલ્પ છે ને અજ્ઞાની તો પર્યાયની ભાવનાથી રાગ-દ્વેષ કરે છે એટલે તેના રાગ-દ્વેષ અનંત સંસારનું કારણ છે.

જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં મોટો—ઉગમણો—આથમણો આંતરો છે. તે અજ્ઞાનીને સમજવો કઠણ પડે છે. લડાઈ વખતે ધર્મીને દુશ્મનના કારણે દ્વેષ થતો નથી. તેને ભાન છે કે મને આ પરને કારણે દ્વેષ થતો નથી, મારી નબળાઈને કારણે દ્વેષ આવી જાય છે; એટલે દ્વેષને ટાળવાનું પણ પોતાના હાથમાં રહ્યું અને અજ્ઞાનીને તો એવી માન્યતા છે કે દુશ્મનને દેખીને મને દ્વેષ થયો એટલે તેણે પરની પર્યાયના કારણે દ્વેષ માન્યો. તે મિથ્યાત્વ સહિતનો અનંતો દ્વેષ છે.

ધર્મીના દ્વેષમાં અને અજ્ઞાનીના દ્વેષમાં અનંતગણો ફેર છે. ધર્મી અને અધર્મી બંને

**રે! જ્ઞાન નરને થાય છે; તેવા સુજન તેમ વિનીતને;**
**તે જ્ઞાનથી, કરી લક્ષ, પામે મોક્ષપથના લક્ષ્યને. ૨૨. —શ્રી બોધપાહુડ**

એકીસાથે બેસીને દૂધપાક ખાતા હોય, ત્યાં અજ્ઞાનીને તે દૂધપાકની પર્યાયને કારણે રાગ થાય છે એમ તે માને છે ને ધર્મીને રાગ થાય ત્યાં તે પોતાની અસ્થિરતાથી થાય છે એમ તે જાણે છે. અજ્ઞાનીજીવ ખાતાં-ખાતાં કદાચ વૈરાગ્યને ચિંતવતો હોય "અહો! આ દેહ તો અનિત્ય છે" તોપણ અંદરમાં નિત્ય ચિદાનંદ વસ્તુના ભાન વગર તેની અનિત્ય ભાવના યથાર્થ હોતી નથી. ધર્મીને નિત્ય વસ્તુના ભાનપૂર્વક ખરી અનિત્ય ભાવના હોય છે.


બે રેલગાડી નજીક-નજીક ઊભી હોય. એકનું મોઢું ઉત્તર તરફ હોય ને બીજીનું દક્ષિણ તરફ હોય, તો તેમની ગતિમાં કેટલો આંતરો છે? તેમ ધર્મી અને અધર્મી બન્નેને રાગ થતો દેખાય પણ અંતરમાં ધર્મીની દૃષ્ટિ નિત્યસ્વભાવ ઉપર પડી છે ને અજ્ઞાનીની દૃષ્ટિ એકલી પર્યાય ઉપર જ પડી છે, તેથી બંનેની ગતિમાં એટલે કે અંદરના પરિણમનમાં અનંતો ફેર છે. આ વાત સમજવા જેવી છે.

ધર્મી જાણે છે કે મારા અંતરસ્વભાવમાં રાગ-દ્વેષ નથી ને પદાર્થોની પર્યાયનો અનિત્ય સ્વભાવ છે તેને કારણે પણ મને રાગ-દ્વેષ થતાં નથી. સ્વભાવમાં એકાગ્રતા રહેતી નથી તેથી રાગ-દ્વેષ થાય છે, તે મારા સ્વભાવમાં એકાગ્રતા કરતાં ટળી જશે. આમ, ધર્મીને ધ્રુવસ્વભાવની ભાવનાપૂર્વક અનિત્ય ભાવના હોય છે.

અજ્ઞાનીજીવ પર્યાયને સ્થિર રાખવાની ભાવના કરે છે. પર્યાય એક સમય રહેનાર અનિત્ય છે, તેને ટકાવી રાખવાની ભાવના તે મિથ્યાત્વ છે. રુચિ ક્યાં પડી છે?—નિત્ય વસ્તુના આશ્રયમાં રુચિ પડી છે કે ક્ષણિક પર્યાય ઉપર રુચિ પડી છે?—તેના ઉપર આધાર છે. પર્યાયો તો નિયમથી પલટ્યા જ કરશે તો તારે શું કરવું છે? જ્ઞાતાપણે જાણવું છે? કે ફેરફાર કરવાનું માનવું છે? જો પર્યાયને સ્થિર ટકાવી રાખવાની ભાવના કરીશ તો પર્યાયબુદ્ધિનું મિથ્યાત્વ થશે. તું તારા નિત્ય સ્વભાવના આશ્રયે પલટતી પર્યાયનો જાણનાર રહે તો હર્ષ-શોક ન થાય.

વસ્તુસ્વરૂપ જેવું છે તેવું યથાર્થ જાણ્યા વિના અંદરમાં શાંતિ થાય જ નહિ, માટે "હું જ્ઞાતા છું, વસ્તુપણે ધ્રુવ છું, પર્યાયપણે બધા પદાર્થો ક્ષણિક છે"—એમ વસ્તુસ્વરૂપ જાણીને પર્યાય ઊપજતાં- વિણસતાં હર્ષ-વિષાદ ન કરવો. ક્ષણ ક્ષણમાં પર્યાય પલટતાં અજ્ઞાનીને એકત્વબુદ્ધિથી હર્ષ-શોક થાય છે, તે પરમાં જ એકાકાર થઈ ગયો છે. ધર્મી તો અંતરમાં ધ્રુવ સ્વભાવના આશ્રયે જાણે છે કે અહો! પદાર્થોની પર્યાયનો સ્વભાવ જ ક્ષણે-ક્ષણે પલટવાનો છે ને મારો સ્વભાવ જાણવાનો છે. આવા ભાનપૂર્વકની અનિત્ય ભાવના તેને હોય છે. તેમાં તેને વીતરાગતા વધતી જાય છે. (ક્રમશઃ)

**મતિ ચાપ થિર, શ્રુત દોરી, જેને રત્નત્રય શુભ બાણ છે,**
**પરમાર્થ જેનું લક્ષ્ય છે, તે મોક્ષમાર્ગે નવ ચૂકે. ૨૩. —શ્રી બોધપાહુડ**


પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)


(ગતાંકથી ચાલુ)

જૈનધર્મ પર તેમની અનન્ય શ્રદ્ધા, આખું જગત ન માને તોપણ પોતાની માન્યતામાં પોતે એકલા ટકી રહેવાની તેમની અજબ દૃઢતા અને અનુભવના જોરપૂર્વક નીકળતી તેમની ન્યાયસંગત વાણી ભલભલા નાસ્તિકોને વિચારમાં નાખી દેતી અને ઘણાને આસ્તિક બનાવી દેતી. તેમનો સિંહનાદ પાત્ર જીવોનાં હૃદયના ઊંડાણને સ્પર્શી તેમના આત્મિક વીર્યને ઉછાળતો. અહા! સત્ય ને અનુભવના જોરે આખા જગતના અભિપ્રાયો સામે ઝૂઝતા એ અધ્યાત્મયોગીની ગર્જના જેમણે સાંભળી હશે તેમના કાનમાં તેનો રણકાર હજુ ગૂંજતો હશે! થોડા જ વર્ષોમાં તેમનાં પ્રખર જ્ઞાન, કડક ચારિત્ર અને પ્રવચન કૌશલ્યની સુવાસ એટલી બધી ફેલાઈ ગઈ કે સ્થાનકવાસી જૈન સમાજ તેમને સાધુ તરીકે 'કાઠિયાવાડના કોહિનૂર'—એ નામથી બિરદાવતો થયો.

લઘુ વયથી જ ગુરુદેવનું વૈરાગી, ચિંતનપૂર્ણ, બુદ્ધિપ્રતિભાયુક્ત, ધ્યેયલક્ષી ભક્તજીવન હતું. બાળ-બ્રહ્મચારીપણે દીક્ષિત થઈ ઉચ્ચતમ કોટિના સ્થાનકવાસી સાધુ તરીકે વિચરતાં, 'ભવભ્રમણનો અંત લાવવાનો સાચો ઉપાય શો?', 'દ્રવ્યસંયમસે ગ્રીવેક પાયો, ફિર પીછો પટક્યો, ત્યાં શું કરવું બાકી રહ્યું? એ વિષે ઊંડું મંથન ને અભ્યાસ કરીને એમણે શોધી કાઢ્યું કે—માર્ગ કોઈ જુદો જ છે; હાલમાં તો ઊંધેથી જ શરૂઆત કરવામાં આવે છે, ક્રિયાકાંડ મોક્ષમાર્ગ નથી, પરંતુ પારમાર્થિક આત્મા તથા સમ્યગ્દર્શન વગેરેનું સ્વરૂપ નક્કી કરી સ્વાનુભવ કરવો તે માર્ગ છે; અનુભવમાં વિશેષ લીનતા તે શ્રાવકમાર્ગ છે અને તેનાથી પણ વિશેષ સ્વરૂપરમણતા તે મુનિમાર્ગ છે. સાથે વર્તતાં બાહ્ય વ્રત-નિયમો તો અધૂરાશની—કચાશની પ્રગટતા છે. મોક્ષમાર્ગની મૂળ વાતમાં આટલો બધો ફેર પડી ગયો છે એમ ગુરુદેવે અંદરથી શોધી કાઢ્યું.

સમયસારપ્રરૂપિત વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી અંદરમાં સત્ય લાગતો હતો અને બહારમાં વેષ તથા આચાર જુદા હતા,—એ વિષમ સ્થિતિ

> **તલતુષપ્રમાણ ન બાહ્ય પરિગ્રહ, રાગ તત્સમ છે નહીં;**
> **—આવી પ્રવ્રજ્યા હોય છે સર્વજ્ઞજિનદેવે કહી. ૫૫. —શ્રી બોધપાહુડ**




તેમને ખટકતી હતી; તેથી તેઓશ્રીએ સોનગઢમાં યોગ્ય સમયે—વિ.સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ ૧૩ (મહાવીર-જયંતી)ને મંગળવારના દિને—'પરિવર્તન' કર્યું, સ્થાનકવાસી સંપ્રદાયનો ત્યાગ કર્યો. સંપ્રદાય ત્યાગનારાઓને કેવી કેવી અનેક મહાવિપત્તિઓ પડે છે, તેમના પર કેવી અઘટિત નિંદાઓની ઝડીઓ વરસે છે, તે બધું તેમના ખ્યાલમાં હતું, પણ તે નીડર ને નિસ્પૃહ મહાત્માએ તેની કાંઈ પરવા કરી નહિ. સત્‌ પ્રત્યેની પરમ ભક્તિમાં સર્વ પ્રકારની પ્રતિકૂળતાનો ભય ને અનુકૂળતાનો રાગ અત્યંત ગૌણ થઈ ગયા. જગતથી તદ્દન નિરપેક્ષપણે હજારોની માનવમેદનીમાં ગર્જતો સિંહ સત્‌ને ખાતર સોનગઢના એકાંત સ્થળમાં જઈને બેઠો.

'પરિવર્તન'થી સ્થાનકવાસી સંપ્રદાયમાં ઘણો ખળભળાટ થયો, વિરોધ થયો. પરંતુ મહારાજશ્રી કાઠિયાવાડના સ્થાનકવાસી જૈનોના હૃદયમાં પેસી ગયા હતા. તેમની પાછળ કાઠિયાવાડ ઘેલું બન્યું હતું. તેથી 'મહારાજશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ કર્યું હશે; એમ વિચારીને ધીમે ધીમે લોકોનો પ્રવાહ સોનગઢ તરફ વહેવા લાગ્યો. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં, સત્‌ના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા છતાં, સાંપ્રદાયિક વ્યામોહ તેમજ લૌકિક ભયને છોડીને સોનગઢ તરફ વહેતાં સત્સંગાર્થી જનોનાં પૂર દિન-પ્રતિદિન વેગપૂર્વક વધતાં જ ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા : જૈનધર્મ એ કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુસ્વભાવ–

**ઉપસર્ગ-પરિષહ મુનિ સહે, નિર્જન સ્થળે નિત્યે રહે,**
**સર્વત્ર કાષ્ઠ, શિલા અને ભૂતલ ઉપર સ્થિતિ તે કરે. ૫૬. —શ્રી બોધપાહુડ**



આત્મધર્મ છે. તેનો કોઈ અન્ય ધર્મ સાથે મેળ છે જ નહિ. તેનો અન્ય ધર્મ સાથે સમન્વય કરવો તે રેશમ ને કંતાનના સમન્વય જેવો વ્યર્થ છે. દિગંબર જૈનધર્મ તે જ વાસ્તવિક જૈનધર્મ છે અને આંતરિક તેમ જ બાહ્ય દિગંબરતા વિના કોઈ જીવ મુનિપણું કે મુક્તિ પામી શકે નહિ એમ તેમની દૃઢ માન્યતા હતી.

ગુરુદેવ સંપ્રદાયમાં હતા ત્યારથી જ પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતાની શ્રદ્ધા તેમના અંતરમાં વણાઈ ગઈ હતી. હું એક સ્વતંત્ર પદાર્થ છું, મને કર્મ રોકી શકે નહિ—એમ તેઓ વારંવાર ફરમાવતા. તે વિશેષ સ્પષ્ટતાથી સમજવા માટે જામનગરમાં ચાતુર્માસ દરમ્યાન આત્માર્થી શ્રી હિંમતલાલભાઈ જે. શાહે પ્રશ્ન પૂછ્યો :—'મહારાજ! બે જીવોને ૧૪૮ કર્મપ્રકારો સંબંધી સર્વ ભેદપ્રભેદોનાં પ્રાકૃત-પ્રદેશ-સ્થિતિ-અનુભાગ બધુંય બરાબર એક સરખું હોય તો તે જીવો ઉત્તરવર્તી ક્ષણે સરખા ભાવ કરે કે ભિન્નભિન્ન પ્રકારના?' ગુરુદેવે કહ્યું : 'ભિન્નભિન્ન પ્રકારના'. પુનઃ પ્રશ્ન થયો : 'બન્ને જીવોની શક્તિ તો પૂરી છે અને આવરણ બરાબર સરખાં છે, તો પછી ભાવ ભિન્નભિન્ન પ્રકારના કેમ કરી શકે?' ગુરુદેવે તરત જ દૃઢતાથી ઉત્તર આપ્યો : 'અકારણ પારિણામિક દ્રવ્ય છે'; અર્થાત્ જીવ જેનું કોઈ કારણ નથી એવા ભાવે સ્વતંત્રપણે પરિણમતું દ્રવ્ય છે, તેથી તેને પોતાના ભાવ સ્વાધીનપણે કરવામાં ખરેખર કોણ રોકી શકે? તે સ્વતંત્રપણે પોતાનું બધું કરી શકે છે. સ્વાધીનતાનું કેવું સુંદર સ્પષ્ટીકરણ!

પરમ પૂજ્ય ગુરુદેવના ઉપદેશમાં મુખ્ય વજન સમજણ પર હતું. 'તમે સમજો; સમજ્યા વિના બધું નકામું છે' એમ તેઓશ્રી વારંવાર કહેતા. 'કોઈ આત્મા—જ્ઞાની કે અજ્ઞાની—એક રજકણને પણ હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી, તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં ક્યાંથી હોય? જ્ઞાની ને અજ્ઞાનીમાં પ્રકાશ-અધંકાર જેવો મહાન તફાવત છે, અને તે એ કે અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગદ્વેષનો—શુભાશુભ ભાવનો—કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. તે કર્તૃત્વબુદ્ધિ છોડવાનો મહા પુરુષાર્થ દરેક જીવે કરવાનો છે. તે કર્તૃત્વબુદ્ધિ જ્ઞાન વિના છૂટશે નહિ. માટે તમે જ્ઞાન કરો.—આ તેઓશ્રીના ઉપદેશનો પ્રધાન સૂર હતો. (ક્રમશઃ)

**સત્પુરુષ! કાળ અનાદિથી નિઃસીમ આ સંસારમાં**
**બહુ વાર ભાવ વિના બહિર્નિર્ગ્રંથ રૂપ ગ્રહ્યાં-તજ્યાં. ૭.** —શ્રી ભાવપાહુડ



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*શ્રોતા :*—પૂજ્ય ગુરુદેવશ્રીની ટેપમાં એવું આવ્યું હતું કે આત્મા સુખદેવ સંન્યાસી છે —તો બેનશ્રી! સુખદેવ સંન્યાસીનો શો અર્થ છે તે કૃપા કરીને સમજાવશો.

પૂજ્ય બહેનશ્રી :—પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે આત્મા સુખદેવ સંન્યાસી છે અર્થાત્ સુખથી ભરપૂર ભરેલો આત્મા છે. તે સુખનો દેવ છે—સુખની દિવ્યતાથી ભરેલો દેવ છે અને સંન્યાસી છે—વિભાવથી જુદો સંન્યાસી છે. વિભાવ તેનામાં નથી ને સુખથી ભરેલો દિવ્ય દેવ છે.

શ્રોતા :—સંન્યાસી એટલે શું?

પૂજ્ય બહેનશ્રી :—સંન્યાસી એટલે ત્યાગી. આત્મા વિભાવનો ને પરદ્રવ્યનો ત્યાગી છે. વિભાવનો ત્યાગી ને સુખનો ભરેલો સુખદેવ સંન્યાસી આત્મા છે. બહારથી બધા સંન્યાસ લે છે, ત્યાગવ્રત લઈ લે છે, હઠથી કષ્ટ કરતાં હોય છે, દુઃખ વેઠતાં હોય છે પણ એવો સંન્યાસી આત્મા નથી, આ તો સુખદેવ સંન્યાસી છે.

લોકો ત્યાગ-વ્રત ધારણ કરી લે, પછી તેને પરાણે પાળતાં હોય છે ને ખૂબ કષ્ટ વેઠતા હોય, પણ એવો સંન્યાસી આ નથી. આ તો સુખથી ભરપૂર છે. આત્માનો સંન્યાસ કેવો છે? સુખથી ભરેલો સંન્યાસ છે. જેમાં દુઃખનો અભાવ છે ને સુખનો પાર નથી તેવો એ સંન્યાસ છે. પોતાના અંતરમાં આનંદનો ભંડાર છે ને તે વિભાવનો ત્યાગી છે. ચૈતન્યદેવ એવો સુખદેવ સંન્યાસી છે. અનાદિથી પરદ્રવ્યનો આત્મામાં પ્રવેશ થયો નથી ને વિભાવનો અંશ પણ તેનો નથી. તે બધાથી તેને સંન્યાસ છે. જ્યારે સાધના પ્રગટ થાય છે ત્યારે સહજ સુખથી ભરેલો આત્મા પ્રગટ થાય છે. જેના આશ્રયે સહજ સાધના પ્રગટ થાય છે, એવો તે સુખરૂપ છે. જે છે તે બધું આત્મા છે. સંન્યાસી આત્મા, ત્યાગી આત્મા, સુખથી ભરેલો આત્મા, આનંદભંડાર આત્મા, જ્ઞાનથી ભરેલો જ્ઞાની આત્મા, આવો આત્મા દુઃખમય નથી, સુખથી ભરેલો સુખમય સંન્યાસી છે.

શ્રોતા :—કોઈ અપૂર્વ દિવ્ય મંત્ર બતા દો.

પૂજ્ય બહેનશ્રી :—ગુરુદેવને મંત્ર બતાયા હૈ. જ્ઞાયકદેવકો પિછાનો. જ્ઞાયકદેવ સુખસે ભરેલા હૈ ઈસકો પિછાનો, જ્ઞાયક દ્રવ્યકી પ્રતીતિ, ઈસકા જ્ઞાન, ઈસમેં લીનતા કરે તો બેડા પાર હો જાય. ઐસા મહિમાવંત જ્ઞાયકદેવ હૈ.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—જ્ઞાની જીવો પણ ભગવાન પાસે ભક્તિ કરતી વખતે એમ બોલે છે કે 'હે નાથ! ભવોભવ આપનું શરણ હજો.' જો ભગવાનનું શરણ ન હોય તો જ્ઞાની એમ કેમ બોલે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—'ભવોભવ ભગવાનનું શરણ હજો' એમ માત્ર નિમિત્ત તરફની ભાષા છે. એ ભાષાનો તો જ્ઞાની કર્તા નથી; એ ભાષા વખતે અંતરમાં જ્ઞાનીને એવો અભિપ્રાય હોય છે કે –'રાગરહિત ચિદાનંદ મારું સ્વરૂપ છે, એમ શ્રદ્ધા-જ્ઞાન થયા હોવા છતાં હજી પર્યાયમાં રાગ છે. જ્યાં સુધી રાગ હોય ત્યાં સુધી અશુભરાગ તો અમને ન જ હો પણ વીતરાગતાના નિમિત્ત પ્રત્યે લક્ષ હો, વીતરાગતાનું જ બહુમાન હો. શુભરાગ તૂટીને અશુભરાગ ન જ હો; હવે શુભરાગ લાંબો કાળ ટકી શકે નહિ, અલ્પકાળમાં તે ફરીને કાં તો વીતરાગભાવ થાય ને કાં તો અશુભભાવ થાય. 'વીતરાગનું જ શરણ હો' એમાં જ્ઞાનીની એમ ભાવના છે કે આ શુભ તૂટીને અશુભ ન હો પણ શુભ તૂટીને વીતરાગતા હો. વીતરાગના બહુમાનનો રાગ થયો તે રાગ વખતે વીતરાગ તરફ લક્ષ હોય છે, પણ કાંઈ વીતરાગ ભગવાન મુક્તિ આપતા નથી, હું મારી તાકાતથી જ રાગ તોડીને ભગવાન થવાનો છું. જો આત્મામાં ભગવાન થવાની તાકાત ન હોય તો ભગવાન તને કાંઈ કરી દેવા સમર્થ નથી અને જો આત્મામાં જ ભગવાન થવાની તાકાત છે તો તેને ભગવાનની ઓશિયાળી નથી. હું સ્વતંત્ર ભગવાન છું—એવા સ્વભાવના ભાન વગર સ્વતંત્રતા પ્રગટે નહિ ને બંધન ટળે નહિ. વીતરાગ ભગવાનની પ્રાર્થનાના શુભરાગ દ્વારા ત્રણ કાળ ત્રણ લોકમાં ધર્મ થાય નહિ. જેને પોતાના સ્વતઃ શુદ્ધ સ્વભાવની ખબર નથી તે જીવ પોતાને દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરેનો ઓશિયાળો માને છે. આચાર્યદેવ એવી માન્યતાવાળાને જીવ કહેતા નથી તે તો જડ જેવો છે–મૂઢ છે, તેને પોતાના ચૈતન્યતત્ત્વની ખબર નથી–એવા અજ્ઞાનીને આચાર્યદેવ સમજાવે છે કે હે ભાઈ! તારો આત્મા અનંતગુણનો પિંડ, પરમપારિણામિકભાવસ્વરૂપ છે, તેને તું ઓળખ. શરીર-મન-વાણીનો કે પુણ્ય–પાપનો આધાર ન રાખ, પર્યાયનો પણ આધાર છોડીને ત્રિકાળ સ્વભાવનો આધાર લે. પુણ્ય-પાપરહિત આત્મસ્વરૂપને માન્યા વગર પુણ્ય-પાપ ટળશે નહિ.

જેમ શરીરમાં ગૂમડું થયું હોય તેને જો રોગ તરીકે સમજે તો તેનું ઓપરેશન કરી નાંખે. તેમ જે જીવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને જાણે અને હિંસા કે દયાદિના ભાવો તેનાથી જુદા છે એમ જાણે તે જીવ વિકાર ભાવોને છેદીને મુક્તિ પામે. પણ જે જીવ પોતાના નિરુપાધિ શુદ્ધસ્વરૂપને

ઓળખે નહિ તે જીવ શુભાશુભપરિણામને છોડે નહિ ને તેની મુક્તિ થાય નહિ.

શ્રોતા :—ભેદભક્તિ અને અભેદભક્તિ અથવા વ્યવહારભક્તિ ને નિશ્ચયભક્તિનું સ્વરૂપ શું છે અને તેનું ફળ શું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પહેલાં તો ભેદભક્તિ હોય છે, પરમાત્માના સ્વરૂપનો વિચાર કરવો તે ભેદભક્તિ છે; એવી ભેદભક્તિને જાણીને પછી એવો જ પરમાત્મા હું છું, આત્મામાં જ પરમાત્મા થવાની તાકાત છે—એમ પોતાના આત્માને ઓળખીને ઠરે તેનું નામ પરમાર્થભક્તિ અથવા અભેદભક્તિ છે. અભેદ આત્મા તરફ વળવાના લક્ષપૂર્વક ભેદ ભક્તિ હોય તો તેને વ્યવહાર કહેવાય છે. રાગરહિત જ્ઞાનસ્વરૂપી આત્માનું શ્રદ્ધા-જ્ઞાન કરીને તેના ધ્યાનમાં એકાગ્રરૂપ અભેદભક્તિ તો મોક્ષ ફળદાયક છે, તેનાથી વિપરીત ભેદભક્તિ બંધ ફળદાયક છે.

શ્રોતા :—અભેદભક્તિ કેટલા પ્રકારની હોય છે? શું બધા પ્રકારની ભક્તિ સ્ત્રીઓને પણ થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અભેદભક્તિના બે પ્રકાર છે–(૧) શુક્લધ્યાન (૨) ધર્મધ્યાન. જો કે કહેવામાં તો આ બંને જુદા લાગે છે. પણ તે બંનેના અવલંબનરૂપ આત્મા એક જ છે તેથી તે એક જ જાતના છે. આત્મસ્વભાવના ભાનવડે ધર્મધ્યાન સ્ત્રીને પણ થઈ શકે છે. સ્ત્રીને શુક્લધ્યાન થઈ શકતું નથી. ધર્મધ્યાન કરતાં શુક્લધ્યાન વિશેષ નિર્મળ છે.

શ્રોતા :—કોઈ કોઈનું બહુમાન કરી શકતું નથી આમ જો માનીએ તો તીર્થંકરોનો અવિનય નહિ થઈ જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—તીર્થંકરોનો વિનય કહેવો કોને? તીર્થંકર ભગવાન વીતરાગ છે, ખરેખર રાગ વડે તેમનો વિનય થતો નથી. જેમ તીર્થંકર પ્રભુએ પોતે કર્યું અને કહ્યું તે પ્રમાણે સમજવું અને ભગવાન ચૈતન્યજ્યોતનું બહુમાન કરીને તેમાં ઠરવું–તે જ તીર્થંકરોનો સાચો વિનય છે. સત્ સમજવાથી વિનય થાય નહિ પણ સત્ સમજવાથી સત્‌ની ખરી ભક્તિ અને ખરો વિનય થાય છે. પહેલાં અજ્ઞાનપણે કુદેવાદિ પાસે માથાં ઝુકાવતો; તેને હવે સાચું સમજતાં વીતરાગ નહિ થાય ત્યાં સુધી વચ્ચે સત્ નિમિત્તનો વિનય, ભક્તિ ને બહુમાન આવ્યા વગર રહેશે નહિ; પણ ત્યાં પરમાર્થે પરનું બહુમાન નથી પણ પોતાના ભાવનું જ બહુમાન છે. જ્ઞાનીઓ પોતાના સ્વભાવને જ સર્વોત્કૃષ્ટ જાણીને તેનો આદર કરે છે. સ્વભાવના આદરમાં તીર્થંકરોનો વિનય સમાઈ જાય છે.

## બાળ વિભાગ

# ઉદયન રાજા

સૌધર્મ–સ્વર્ગમાં દેવસભા ભરાણી છે અને ઈન્દ્રમહારાજ દેવોને સમ્યગ્દર્શનનો મહિમા સમજાવી રહ્યા છે : અહો દેવો! સમ્યગ્દર્શનમાં આત્માનું કોઈ અનેરું સુખ છે. એ સુખ પાસે સ્વર્ગના વૈભવની કાંઈ જ ગણતરી નથી. આ સ્વર્ગલોકમાં સાધુદશા નથી થઈ શકતી, પરંતુ સમ્યગ્દર્શનની આરાધના તો અહીં પણ થઈ શકે છે.

મનુષ્યો તો સમ્યક્ત્વની આરાધના ઉપરાંત ચારિત્રદશા પણ પ્રગટ કરીને મોક્ષ પામી શકે છે. ખરેખર, જે જીવો નિઃશંકતા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા વગેરે આઠઅંગસહિત શુદ્ધ સમ્યગ્દર્શનના ધારક છે તેઓ ધન્ય છે. એવા સમ્યગ્દષ્ટિજીવોની આપણે અહીં સ્વર્ગમાં પણ પ્રશંસા કરીએ છીએ.'

એક દેવે પૂછ્યું : 'પ્રભો! અત્યારે ભરતક્ષેત્રમાં એવા કોઈ જીવો છે?'

ઈન્દ્ર મહારાજે કહ્યું : 'હા, અનેક છે. અત્યારે કચ્છદેશમાં રાજા ઉદયન આવા સમ્યક્ત્વથી શોભી રહ્યા છે ને સમ્યક્ત્વના આઠ અંગોનું પાલન કરી રહ્યા છે; તેમાં પણ નિર્વિચિકિત્સાઅંગના પાલનમાં તેઓ ઘણા દૃઢ છે. મુનિવરોની સેવામાં એવા તત્પર છે છે કે ગમે તેવા રોગાદિ હોય તોપણ તેઓ જરાય જુગુપ્સા કરતા નથી ને દુર્ગંછા વગર પરમભક્તિથી ધર્માત્માઓની સેવા કરે છે. ધન્ય છે એને! તેઓ ચરમશરીરી છે.'

રાજાના ગુણની આવી પ્રશંસા સાંભળીને વાસવ નામના એક દેવને તે નજરે જોવાનું મન થયું...અને તે સ્વર્ગમાંથી ઊતરીને મનુષ્યલોકમાં આવ્યો.

*   *   *

ઉદયન રાજા એક મુનિરાજને દેખીને ભક્તિપૂર્વક આહારદાન માટે પડગાહી રહ્યા છે: પધારો...પધારો....પધારો. રાણી સહિત ઉદાયન રાજા નવધાભક્તિપૂર્વક મુનિરાજને આહારદાન દેવા લાગ્યા.

અરે! પણ આ શું? ઘણા માણસો ત્યાંથી દૂર ભાગવા લાગ્યા, ઘણા માણસો મુખ આગળ કપડું ઢાંકવા લાગ્યા...કેમકે એ મુનિને કાળા-કૂબડા શરીરમાં ભયંકર કોઢનો રોગ હતો ને તેમાંથી

**ભીષણ નરક, તિર્યંચ તેમ કુદેવ-માનવજન્મમાં,**
**તેં જીવ! તીવ્ર દુખો સહ્યાં; તું ભાવ રે! જિનભાવના. ૮. —શ્રી ભાવપાહુડ**

અસહ્ય દુર્ગંધ છૂટતી હતી, હાથપગના આંગળાંમાંથી પરુ વહેતું હતું.

પરંતુ, રાજાને તો એનું કાંઈ લક્ષ નથી; તે તો પ્રસન્ન થઈને પરમ ભક્તિથી એકચિત્તે આહારદાન દઈ રહ્યા છે ને પોતાને ધન્ય માને છે કે અહા! રત્નત્રયધારી મુનિરાજ મારા આંગણે પધાર્યા! એમની સેવાથી મારું જીવન સફળ છે.

એવામાં મુનિના પેટમાં એકાએક ઉછાળો આવ્યો ને એકદમ ઊલટી થઈ; તે ગંદી ઊલટી રાજા-રાણીના શરીર ઉપર પડી. એકદમ ગંધાતી ઊલટી પોતાના ઉપર પડવા છતાં રાજા-રાણીને જરાપણ ગ્લાનિ ન થઈ કે મુનિરાજ પ્રત્યે જરાપણ અણગમો ન આવ્યો, પણ અત્યંત સાવધાનીથી તેઓ મુનિરાજનું દુર્ગંધી શરીર સાફ કરવા લાગ્યા અને એમ વિચારવા લાગ્યા કે અરેરે! અમારા આહારદાનમાં કાંઈક ભૂલ થઈ ગઈ લાગે છે કે જેને કારણે મુનિરાજને આટલું બધું કષ્ટ પડ્યું! મુનિરાજની પૂરી સેવા અમારાથી ન થઈ શકી!

હજી તો રાજા આમ વિચારે છે, ત્યાં તો તે મુનિ એકાએક અલોપ થઈ ગયા ને તેમના સ્થાને એક દેવ દેખાયો; અત્યંત પ્રશંસાપૂર્વક તેણે કહ્યું : 'હે રાજન્! ધન્ય છે તમારા સમ્યક્ત્વને અને ધન્ય છે તમારી નિર્વિચિકિત્સાને! ઇન્દ્રમહારાજે તમારા ગુણની જેવી પ્રશંસા કરી હતી એવા જ ગુણ મેં નજરે જોયા. રાજન્! મુનિના વેશે હું જ તમારી પરીક્ષા કરવા આવ્યો હતો. ધન્ય છે આપના ગુણોને...' એમ કહીને દેવે તેને નમસ્કાર કર્યા.

ખરેખર કોઈ મુનિરાજને કષ્ટ નથી થયું એમ જાણીને રાજાનું ચિત્ત પ્રસન્ન થયું અને તેણે કહ્યું : 'હે દેવ! આ મનુષ્ય શરીર તો સ્વભાવથી જ મલિન છે ને રોગાદિનું ઘર છે. તે અચેતન શરીર મેલું હોય તેથી આત્માને શું? ધર્મીનો આત્મા તો સમ્યક્ત્વાદિ પવિત્ર ગુણોથી શોભે છે. શરીરની મલિનતા દેખીને ધર્માત્મા ગુણ પ્રત્યે જે અણગમો કરે છે તેને આત્માની દૃષ્ટિ નથી પણ દેહની જ દૃષ્ટિ છે. અરે! ચામડાના શરીરથી ઢંકાયેલો આત્મા અંદર સમ્યગ્દર્શનના પ્રભાવથી શોભી રહ્યો છે, તે પ્રશંસનીય છે.'

ઉદયન રાજાની આવી સરસ વાત સાંભળીને તે દેવ ઘણો પ્રસન્ન થયો અને તેમને અનેક વિદ્યાઓ આપી, વસ્ત્રાભૂષણ આપ્યાં પણ ઉદયન રાજાને ક્યાં તેની વાંછા હતી? તેઓ તો બધો પરિગ્રહ છોડીને વર્દ્ધમાન ભગવાનના સમવસરણમાં ગયા અને દીક્ષા લઈ મુનિ થઈ કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષ પામ્યા. સમ્યગ્દર્શનના પ્રતાપે તેઓ સિદ્ધ થયા, તેમને નમસ્કાર હો!!!

**ભીષણ સુતીવ્ર અસહ્ય દુઃખો સપ્ત નરકાવાસમાં**
**બહુ દીર્ઘ કાળપ્રમાણ તેં વેદ્યાં, અછિન્નપણે સહ્યાં. ૯. —શ્રી ભાવપાહુડ**

નમઃ શ્રીસીમંધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

*શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# તેરમી બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૧૩ થી તા. ૩૦-૧૨-૨૦૧૩)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા બાર વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૧૩ થી તા. ૩૦-૧૨-૧૩ સુધી તેરમી બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરનું આયોજન શ્રી ઘાટકોપર દિગંબર જૈન ભગવતી મહિલા મંડળના સૌજન્યથી કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દરમ્યાન તીર્થયાત્રાનો વિશેષ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે જેની જાહેરાત શિબિર દરમિયાન કરવામાં આવશે.

આ શિબિરમાં શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ), શ્રી નિતીનભાઈ શેઠ (વાંકાનેર) શ્રી અતુલભાઈ કામદાર (હૈદરાબાદ) તથા અન્ય અધ્યાપકો દ્વારા અધ્યાપન કરાવવામાં આવશે.

આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

લિ.

**શ્રી કહાન પુષ્પ પરિવાર વતી**

શ્રી હસમુખભાઈ વોરા શ્રી જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### * વિશેષ ધાર્મિક કાર્યક્રમ *

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૪ તા. ૨૧-૧૧-૨૦૧૩, ગુરુવારથી કારતક વદ ૭ તા. ૨૫-૧૧-૨૦૧૩, સોમવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, તેમજ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

### પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૨૫મા જન્મજયંતી મહોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીના જન્મશતાબ્દી મહોત્સવ વર્ષ અંતર્ગત

પૂજ્ય બહેનશ્રીના જન્મધામ વઢવાણમાં પ્રથમ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર દરમ્યાન શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત બ્ર. શ્રી વજુભાઈના માર્ગદર્શન હેઠળ ત્યાંના મુમુક્ષુ મંડળ તથા યુવક મંડળે નિર્ણય કર્યો હતો કે દરેક મહિનાની વદ બીજના રોજ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવું. આ નિર્ણય મુજબ મંડળના સભ્યો તેમજ યુવકોએ ભાદરવા વદ બીજના રોજ ઘોઘા તેમજ ઉમરાળાની યાત્રા કરી હતી. આસો વદ બીજના રોજ પૂજ્ય બહેનશ્રી જન્મધામની સામુહિક યાત્રાનો તથા નિબંધ લેખનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લગભગ ત્રણસો મુમુક્ષુ ભાઈઓ-બહેનોએ લાભ લીધો હતો. ત્યારબાદ સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

## (૬)
## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧૦૧) અભવ્ય જીવ પણ......................... લબ્ધિ સુધી જઈ શકે છે.

(૧૦૨) વર્તમાન ચોવીસ તીર્થંકરોના કુલ .......................... જન્મસ્થાન છે.

(૧૦૩) ....................... ગુણસ્થાન સુધી રૌદ્ર ધ્યાન હોય છે અને ......................... ગુણસ્થાન સુધી આર્તધ્યાન હોય છે.

(૧૦૪) સીમંધર ભગવાન ......................... ભગવાનના વખતથી તીર્થંકર છે અને ભવિષ્યનાં........................ તીર્થંકર થાશે ત્યારે તેમનો મોક્ષ થશે.

(૧૦૫) સીમંધર ભગવાનનો દેહ....................... ધનુષનો છે.

(૧૦૬) મહાવીર ભગવાનના જન્મને ...................... વર્ષ થયા છે.

(૧૦૭) સમવસરણમાં દિવ્યધ્વનિ દિવસમાં ................ વખત............... ઘડી સુધી છૂટે છે.

(૧૦૮) નામકર્મના અભાવમાં ............................... ગુણ પ્રગટ થાય છે.

(૧૦૯) (૧) ................. (૨) ................. (૩) ................... (૪) .................. ને અનંત ચતુષ્ટય કહેવામાં આવે છે.

(૧૧૦) ..................... કેવળી ભગવંતો તેરમા ગુણસ્થાને બિરાજે છે. તેમનો............ ભાવ સરખો હોય છે પણ ..................... ભાવમાં ફેર છે.

(૧૧૧) મતિ, શ્રુત જ્ઞાન એ ...................... નો અંશ છે.

(૧૧૨) ભૂતકાળમાં થયેલા તીર્થંકરોને વર્તમાન તીર્થંકર ગણી સ્તુતિ કરવી તે ........................ નિક્ષેપ છે.

(૧૧૩) બે પુદ્ગલ દ્રવ્યોની વર્તમાન પર્યાયમાં અભાવ તેને ................... અભાવ કહે છે.

(૧૧૪) અઢાઈ દ્વીપમાં .......................... ધાતકીદ્વીપ અને ................... આવે છે.

(૧૧૫) નિયમસારમાં ..................... થી .................... ગાથાને રત્નની ઉપમા આપી છે.

(૧૧૬) દેવલોકમાં પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યારે ......................... સાગરનું આયુષ્ય છે.

(૧૧૭) ધવલ, ષટ્ખંડાગમ શાસ્ત્રો ...................... અને ..................... મુનિરાજે બનાવેલ છે.

(૧૧૮) જીવને અબુદ્ધિપૂર્વકનો રાગ ........................ ગુણસ્થાન સુધી હોય છે.

(૧૧૯) .................... વગરનો જીવ પશુ સમાન છે.

(૧૨૦) સમ્યગ્દષ્ટિ જીવો (૧) ..................... (૨) .................... (૩) ....................... દેવોમાં જતા નથી.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ
# પ્રશ્ન ઓક્ટોબર-૨૦૧૩ના
# ઉત્તર

(૮૧) માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ પ્રાણી,
(૮૨) જરૂર પ્રાપ્ત થાય જ,
(૮૩) સત્યદેવી
(૮૪) ૪૭
(૮૫) આત્મા,
(૮૬) સિદ્ધપણે,
(૮૭) ૨–દેશ ૩–સકલ
૪–યથાખ્યાત,
(૮૮) મનુષ્ય,
(૮૯) સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું,
(૯૦) (૧) માયા, (૨) લોભ,
(૧) ક્રોધ, (૨) માન,
(૯૧) ૧૬,
(૯૨) સમ્યક્દષ્ટિ (ચરમશરીરી)
ચારિત્ર
(૯૩) સુમતિનાથ, ૧૧૬, અમર
(૯૪) પં. શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે,
(૯૫) ૧૦૦,
(૯૬) તુંગીગિરિથી,
(૯૭) ૧૦૧
(૯૮) ૧૭–૨૨,
(૯૯) અશરીરી,
(૧૦૦) હું એક શુદ્ધ સદા અરૂપી,
પરમાણુ માત્ર નથી અરે.

## (૬)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧૦૧) અરિહંત ભગવાને ..................... કર્મોનો નાશ કર્યો છે
સિદ્ધ ભગવાને ................ કર્મોનો નાશ કર્યો છે.

(૧૦૨) રાગની ઉત્પત્તિ થવી તે ..................... હિંસા છે.

(૧૦૩) ................ મુનિરાજને લોખંડની બેડી પહેરાવવામાં આવી હતી.

(૧૦૪) ભરતક્ષેત્રમાં વર્તમાનમાં ...................... કાળ ચાલે છે.

(૧૦૫) ચાર પ્રકારના દાનમાં ................. દાન સૌથી મોટું ઉત્કૃષ્ટ દાન છે.

(૧૦૬) જીવના સંસારના ઉત્પત્તિ સ્થાનો ................... યોનિ છે.

(૧૦૭) ................ મુનિરાજના માથા ઉપર સળગતી સગડી રાખવામાં આવી હતી.

(૧૦૮) ..................... શેઠને શૂળી પર ચઢાવતા શૂળી સિંહાસન બની ગઈ હતી.

(૧૦૯) ૧-.................. ૨-................૩-.................૪-................ અને
૫-.................મુનિરાજને લોખંડના ગરમ ઘરેણા પહેરાવવામાં આવ્યા હતા.

(૧૧૦) નામધારી જૈનને નિયમથી ................... હોતું નથી.

(૧૧૧) સાચા જૈનને .....................નો જન્મથી જ ત્યાગ હોય છે.

(૧૧૨) ................. મુનિરાજના ક્રોધથી દ્વારિકા નગરી સળગી હતી.

(૧૧૩) ................... દ્રવ્યને અસ્તિકાય ગણવામાં આવતું નથી.

(૧૧૪) આદિનાથ ભગવાનનું બીજું નામ ................... ભગવાન હતું.

(૧૧૫) આપણે આપણાં સાધર્મી ભાઈ-બહેનો મળે ત્યારે ...................... કહેવું જોઈએ.

(૧૧૬) આપણે સવારે ઉઠીને સર્વપ્રથમ ........................નું સ્મરણ કરવું જોઈએ.

(૧૧૭) અઢારમાં તીર્થંકરનું નામ ...................... ભગવાન છે.

(૧૧૮) સ્વ-પરના ભેદવિજ્ઞાનનું નામ .................... છે.

(૧૧૯) દુઃખના કારણ ખરાબ કાર્યને ......................... કહે છે.

(૧૨૦) મગરમચ્છ ............................ ભગવાનનું ચિહ્ન છે.

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન ઓક્ટોબર-૨૦૧૩ના
# ઉત્તર

(૮૧) ખુશાલભાઈ
(૮૨) ચન્દ્રપ્રભુ, પુષ્પદંત
(૮૩) વૈક્રિયિક
(૮૪) ૨૪
(૮૫) માર્દવ
(૮૬) પરમ ઔદારિક
(૮૭) નિત્ય
(૮૮) જેઠ સુદ પાંચમ
(૮૯) આકાશ
(૯૦) અસંખ્યાત

(૯૧) શાંતિનાથ, પદ્મપ્રભ
(૯૨) ૪૬
(૯૩) મહાવીર ભગવાન
(૯૪) ૬૦૮
(૯૫) બાહુબલી
(૯૬) આદિનાથ
(૯૭) છ, અનંત
(૯૮) પ્રથમાનુયોગ
(૯૯) લોભ
(૧૦૦) અધ્રુવ(અનિત્ય)

**મોક્ષમાર્ગ પ્રકાશકના ચોથા અધ્યાયનું પ્રશ્નપત્ર ક્રમાંક-૪ તા. ૨૫-૧૧-૨૦૧૩ના રોજ બહાર પડશે.**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ પ્રશ્ન :—અનુમાન જ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરે તે અનુમાન જ્ઞાનને સમ્યક્ જ્ઞાન કહેવાય?

ઉત્તર :—અનુમાન જ્ઞાનને સમ્યક્ જ્ઞાન કહેવાય નહિ. સમ્યક્ જ્ઞાન સાથે આનંદ હોય છે. આનંદ સહિતના જ્ઞાનને સમ્યક્ જ્ઞાન કહેવાય. પ્રત્યક્ષપૂર્વકનું અનુમાન જ્ઞાન હોય તેને સમ્યક્ જ્ઞાન કહેવાય છે. પ્રત્યક્ષ વિનાનું અનુમાન જ્ઞાન તે સમ્યક્ જ્ઞાન નથી. પ્રવચનસારમાં (ગાથા ૧૭૨) અલિંગગ્રહણના બોલમાં પ્રત્યક્ષ વિનાના એકલા અનુમાનજ્ઞાનનો વિષય આત્મા નથી તેમ કહ્યું છે. ૩૧.

✻ પ્રશ્ન :—આત્માની સન્મુખ શી રીતે થવું?

ઉત્તર :—પરની સામે જોવે છે તે સ્વની સામે જોવાથી સ્વસન્મુખ થવાય. અનંત અનંત જ્ઞાનાનંદ સામર્થ્યવાળી વસ્તુ છે તેનું જેવું અને જેટલું માહાત્મ્ય છે તેવું અને તેટલું માહાત્મ્ય જ્ઞાનમાં આવે તો તે જ્ઞાન સ્વસન્મુખ થઈ શકે. ૩૨.

✻ ચૈતન્ય આત્માનો પ્રેમ કરવો. નિર્વિકલ્પ શાંતિ દ્વારા તેને જોવો તે ધર્મ છે. ભગવાન (આત્મા) દેહની જેમ અપવિત્ર નથી. આનંદરસ પ્રભુ છે પણ તેની ખબર નથી એટલે બહાર ભટકે છે કે જાણે યાત્રાથી કે પૂજાથી મળી જશે. ભગવાન અંદરમાં બિરાજે છે તેને બહાર વિકલ્પો ને રાગની ક્રિયામાં (અજ્ઞાની) શોધે છે. ૩૩.

✻ આત્મા જેવડો ને જેટલો મહાન પદાર્થ છે એવડો મહાન માનવો તે જ આત્માની દયાપાળવારૂપ સમાધિ છે અને એવા મહાન આત્માને રાગાદિ જેવડો માનવો કે મતિજ્ઞાન આદિ ચાર અલ્પજ્ઞ પર્યાય જેવડો માનવો તે આત્માની હિંસા છે. ૩૪.

✻ આગમ પદ્ધતિને અજ્ઞાની જાણે છે પણ અધ્યાત્મપદ્ધતિના વ્યવહારને પણ જાણતો નથી. તે કર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પણ શુદ્ધ જ્ઞાનચેતનારૂપ વસ્તુને શ્રદ્ધતો નથી. કારણ કે તે સદાય સ્વ-પર-ભેદવિજ્ઞાનને અયોગ્ય છે તેથી કર્મબંધન છૂટવાના કારણભૂત જ્ઞાનમાત્ર એવા ભૂતાર્થ ધર્મને શ્રદ્ધતો નથી. ભોગના હેતુભૂત શુભકર્મને જ ધર્મ જાણી શ્રદ્ધાન કરે છે. ૩૫.

✻

આત્મધર્મ
નવેમ્બર-૨૦૧૩
અંક-૩ ✻ વર્ષ-૮

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

નૂતન વર્ષના મંગલ આશીર્વાદ

## વિચારદશામાં નિર્ણય કર

ભાઈ! તારે પુણ્ય–પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય–પાપના ભાવનો સ્વામી પુદ્ગલ છે અને પુણ્ય-પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું. તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય–પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા અનંતા ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી પુણ્ય–પાપનો સ્વામી પુદ્ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં પરિણમનારો હું છું—એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલ છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય–પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**